

કુમાર

સંસ્થાપક
સ્વ. રવિશંકર મ. રાવળ
આદ્યતંત્રી
સ્વ. બચુભાઈ રાવત
વર્ષ ૫૯મું
અંક ૫મો
મે · ૧૯૮૨
સળંગ
૭૦૧
મો અંક
તંત્રી
બિહારીલાલ ટાંક



વહેલી સવારના તાજગીભર્યા વાતાવરણમાં કુમળા સૂર્યપ્રકાશની તેજછાયાથી ગામડાંનાં ઘરોની ભીંત ઉપર અનોખી ભાત રચાય છે. ફોટોકલાકાર દિનેશ મહેતાએ આ બે એકરંગી છબીચિત્રોમાં આરંભાતા દિવસની એ અલ્પકાલીન સુંદરતાને ઝડપી લેવામાં પોતાનું કૌશલ દાખવ્યું છે.





પેટપૂજાનો સમય • ફોટોગ્રાફમાં તેજછાયાના પલટાઓને એકબીજાથી સ્પષ્ટપણે અલગ પાડવાની કળા તે 'પોસ્ટરાઇઝેશન' કહેવાય છે. આ કૃતિ મૂળ તો એકરંગી છે. અહીં તેને બે રંગમાં આપી છે.



'હ... ઈ... સો'

મોટી હોડીને પાણીમાં ખેંચી જતા માછીમારોની આ છબી-માં માત્ર બે જ – કાળો અને સફેદ ભાગ જ ઉપસાવીને વચલો ટોન કાઢી નાખ્યો છે. 'સોલરાઇઝેશન' નામે આ ક્રિયા ઓળખાય છે. પ્રયોગ-શીલતાથી ફોટોગ્રાફીમાં કલા-ત્મકતા સાથે તેની વ્યાવહારિક ઉપયોગિતાપણ વધારી શકાય. (બંને ફોટો • જી. સી. પટેલ)

કૃતિ યોગ્ય કદના કાગળની એક જ બાજુએ પૂરતો હાંસિયો રાખીને શાહીથી જ તથા સ્પષ્ટ સુવાચ્ય અક્ષરે લખીને મોકલવી. લખાણુમાં લીધેલાં અન્ય ભાષાનાં અવતરણો અનુવાદ સાથે, અને નામ, તારીખો, પારિભાષિક શબ્દો વગેરે છૂટા અક્ષરે સ્પષ્ટ લખવાં, ઇતર ભાષાનાં અલ્પ-પરિચિત નામ, ટેક્નિકલ વિષયના શબ્દો વગેરે સાથે કૌંસમાં અથવા હાંસિયામાં અલગ તેના મૂળ અંગ્રેજી, લૅટિન વગેરે જે શબ્દ હોય તે સુવાચ્ય રીતે દર્શાવવાં.

અસ્વીકૃત કૃતિ પાછી મેળવવા માટે પણ કૃતિની સાથે જ પોતાનું નામ-સરનામું લખેલું તથા પૂરતું પોસ્ટેજ લગાડેલું યોગ્ય કદનું કવર (છૂટી ટપાલટિકિટો નહિ) મોકલવું આવશ્યક છે.

લવાજમ, રવાનગી વગેરે વ્યવસ્થા અંગેનો પત્રવ્યવહાર 'વ્યવસ્થા વિભાગ' સાથે કરવો.

અનુક્રમ

મે ૧૯૮૨
સળંગ અંક ૭૮૧

ચિત્રો

કાવ્યો

ચરિત્ર

વાર્તા

લેખો

વિભાગો

અકસ્માતે ગુમ થએલા અંકોની ફરિયાદોને, અમારી પાસે નકલો હોય છે ત્યાં સુધી પહોંચી વળવાનો પ્રયત્ન કરીએ છીએ; પરંતુ એવા ગુમ થએલા અંકો ભરપાઈ કરી આપવાનું બંધન અમારે માથે રહેતું નથી.

'કુમાર' કાર્યાલય લિમિટેડ તરફથી મુદ્રક અને પ્રકાશક: **અશોકભાઈ** બચુભાઈ રાવત - મુદ્રણ અને પ્રકાશન-સ્થાન: કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિમિટેડ ૧૪૫૪ રાયપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧, ફોન નં. ૩૬૩૭૪૫ - વાર્ષિક લવાજમ: રૂ. ૩૦-૦૦; પરદેશ: રૂ. ૯૦-૦૦ અથવા પાઉન્ડ ૪ અથવા ડૉ. ૧૦; છૂટક નકલ: રૂ. ૩-૦૦

વૃક્ષ / કનુભાઈ જાની

• ઝૂલણા •

વૃક્ષ
જકડાયલું ના રહે!
પવન શું ગોઠડીમાં વહે!
ઝૂલતું હરફરે
વાત આકાશની આ કરે!
રંગ ને સંગની
માટીના ભંગની,
વરસતી હેલીના નાદની,
નર્તતા સાદની,
કોક ઉકળાટની,
લૂ-ભર્યા પીળચટ
ખરત ખરકાટની,
ઠૂંઠતા ધ્રૂજતા
કડકતા શીતની,
પાંખમાં પાંખ લઈ
હૂંફતાં ગીતની,
મીતની
ઊડતા કૈંક
પાંખાળ જે યાત્રીઓ
ગાળતા રાત્રીઓ
તે તણી
ધીમી ચંચૂ ભરી
અલકમલકાટની
કાશ-અવકાશની
ગોઠડી ઊભરી ડોલતી,
ડાળડાળે ઝળૂંબી રહી બોલતી;
ડોલતી ગોઠડી!
વૃક્ષ જકડાયલું ક્યાં રહે!

દરવાણી / 'સુધાંશુ'

• ભજન •

દરવાણી રે!
ત્હારાં બોલને
સમદરિયાનાં પાણી,
મ્હેં તો ત્હારી –
રખોપત જાણી;
દરવાણી રે!

દરવાણી રે!
અમે તો મનખ્યાપ્રાણી,
આરા ને કિનારાની સીમ જાણી;
અનંત આરાધો તમે
સનાતને પહેરા દીયો,
અમારી તો અઘોર કથા–કહાણી;
દરવાણી રે!

દરવાણી રે!
અમારી તો પિંજરા–વાણી,
તમે આંખમાં ભરો અંજવાસો આણી;
અંજવાસોના અગન-અર્કે
તમે અંકાશે ઊજવો ઉજાણી;
દરવાણી રે!

દરવાણી રે!
તમે દિલના રાજન,
અમે તો દુનિયાના છીએ દાણી;
સાયરનાં ખોલી –
મોભી પાણી
ત્હમે દાખવો સમદર–રાજનનાં રાણી;
દરવાણી રે!

હશે / 'મોમિન'

• ગઝલ •

જિંદગીમાં એક એવી ક્ષણ હશે,
નાવને તોફાન જ્યાં રક્ષણ હશે.

જ્યાં જુઓ ત્યાં 'હું જ હું' દેખાય તો,
અંધકારે હાથમાં દર્પણ હશે.

સાગરો ડહોળાય છે અવનિ ઉપર,
ત્યાં સરિતાનું કોઈ સગપણ હશે.

સૌ કરે છે ચાર દીવાલોની વાત,
મારા ઘરની એક–બે કે ત્રણ હશે.

હું કરી લઉં છું બધે મારો સમાસ,
મુજથી મોટી કોક દિ રજકણ હશે.

હું હવે ચર્ચા કરીને શું કરું,
એમની વાતોમાં જ્યાં ત્યાં 'પણ' હશે!

રૂપ ગૌરવ ને પ્રતિષ્ઠા એમનાં
તો પછી 'મોમિન' આ કોનું રણ હશે.

હાઇકુ / પિનાકિન્ ઠાકોર

નીતરે તન:
ધીખ્યો રસ્તો ખેંચે
બરફ ટન.

ત્રણ તાન્કા / રમેશ આચાર્ય

આવ્યો ઉનાળો,
પલ્લી પાસે પલાશ;
સખી, બપોર
બાળે નગર, આપે
ગુલમહોર ત્રાસ.

*

ચૈત્ર-મધ્યાહ્નને
ગોવાલણ 'શું કરું'
વિમાસે: બાળ
સુવાડે ઝાડ કને
ઓશિકામાં લાવરું.

*

બપોરે આજ
પ્રસ્વેદે લથબથ
તડકો રગે
બટકું છાયા–કાજ:
મહાનગર–પથ.

ઉનાળુ મહાનગરોમાં / ઉશનસ્

• ગઝલ •

વરાળ શાં મૃગજળ ઊકળે આ ફળફળ ફળફળ, ભાગો!
ડૂબ્યા શ્હેરનું જળ ઊકળે આ ફળફળ ફળફળ, ભાગો!
તાકેતાકા તડકા ઊડતો અંચલ, ઝાળ ભભૂકે
ચરચર ચત્તી પળ ઊકળે આ ફળફળ ફળફળ, ભાગો;
આ તડકો છે કે શ્વેત રેત ચંપાતી આંધી?
વંટોળાયા વળ ઊકલે આ ફળફળ ફળફળ, ભાગો;
ક્યાં છે છાયા? આ તો માયા, મયદાનવની માયા;
પંખાઓમાં ઘર ઊકળે આ ફળફળ ફળફળ, ભાગો.
પ્રેમપુલકની પોટલી લૈ હું લાક્ષાઘર પેઠો; પણ
કણકણમાં ચણતર ઊકળે આ ફળફળ ફળફળ, ભાગો.

માનવઅધિકારોનો ઉદ્‌ઘોષક

ઇતિહાસમાં અનેક વિવાદાસ્પદ વ્યક્તિઓ થઈ ગયેલી છે, પણ તેવાં બાર્ટોલોમી ડ લાસ કેસાસ જેવી ઉગ્ર વિવાદની જનક વ્યક્તિઓ બહુ ઓછી નીકળે, જેને લગતો વિવાદ એના મૃત્યુને ચારસો વર્ષ વીતી ગયા છતાં હજુ આજે પણ ચાલુ છે. ઉદાર મતવાદીઓ એને એમેરિકાની મૂળ નિવાસી પ્રજાનો પરમ મિત્ર ગણે છે. જ્યારે સ્પેનિશ શાહીવાદી સામે એણે ચલાવેલી ઝુંબેશના કારણે કેટલાક તેના જીવનને સ્પેઈન વિરોધી 'કાળી કથની' (બ્લૅક લીજેન્ડ) તરીકે આલેખે છે. ૯૨ વર્ષના સુદીર્ઘ જીવનના અંતે આ જગતની વિદાય લેનાર એ મહાન માનવતાવાદીને યથાર્થ સમજવા આપણે એને તેમ જ એના સમયને બરાબર સમજવાનો પ્રયત્ન કરવો જોઇએ.

લાસ કેસાસની ચોક્કસ જન્મતારીખ આપણે જાણતા નથી, પરંતુ કોલંબસના એક ખાસ મિત્ર અને નવી દુનિયાની શોધમાં એની સાથે ઊપડેલા સેવિલના એક વેપારીનો તે પુત્ર ઈ. ૧૪૭૪માં જન્મેલો હોવાની નોંધ મળે છે. પ્રાથમિકથી માંડી ઉચ્ચ શિક્ષણ સેવિલ મુકામે જ પૂરું કરી ઈ. ૧૫૦૨માં સ્પેનિશ સરકારે અમેરિકાના તેના સંસ્થાનના વહીવટ માટે નિકોલાસ ડ ઓવેન્ડોની સરદારી નીચે મોકલેલી ટુકડીમાં અમેરિકા પહોંચી ગયો. ત્યાં સુધી તો એ એક સામાન્ય સ્પેનિશ હતો, પરંતુ અમેરિકા આવી ત્યાંના મૂળ વતનીઓને અન્યાય, શોષણ અને ગુલામીથી મુક્ત કરવાના એણે આરંભેલા પ્રયાસે એને થોડા જ સમયમાં જગબત્રીસીએ ચડાવી દીધો. મુખ્ય ધર્મોપદેશકના મદદનીશ તરીકે 'ડૉક્ટ્રિનેર' નો દરજ્જો તેને આપવામાં આવેલો.

ઈ. ૧૫૦૨ના એપ્રિલની ૧૫મીએ સાન્ટો ડોમિંગો મુકામે ઊતર્યા બાદ થોડાં વર્ષ પર્યંત તો તેનું જીવન અમેરિકા આવેલા અન્ય વસાહતીઓ કરતાં જરાય જુદું ન હતું. તેનો બાપ તેના માટે છોડી ગયેલી જમીન પર એ પણ અમેરિકન ઇન્ડિયનોને મજૂરી કરાવતો ને ઓવેન્ડોની સાથે રહી એમની સામે યુદ્ધ કરી એમની વધુ ને વધુ જમીન જીતવામાં સ્પેનિશ શાહીવાદીઓને સહાય કરતો. પરંતુ ઈ. ૧૫૧૦માં સાલામેન્કાથી ચાર ડોમિનિકન મિશનરીઓ અમેરિકાની ભૂમિ પર ઊતર્યા. આજના આંતરરાષ્ટ્રીય કાનૂનના એ આદ્ય પ્રણેતાઓ હતા. એમાંના એક ફાધર ઍન્ટોનિયો મૉન્ટેસિનેનોનાં પ્રવચનોએ લાસ કેસાસના હૃદય પર ભારે ઊંડી અસર ઉપજાવી.

અમેરિકાના ઇતિહાસમાં નિર્ણયાત્મક પરિવર્તન લાવનાર ફાધર એન્ટોનિયોનાં પ્રવચનો જ હતાં. ઈ. ૧૫૧૧ના નવેમ્બરની ૩૦મીએ તેણે એડમિરલ ડિયેગો કોલંબસ (અમેરિકાના શોધક ક્રિસ્ટોફર કોલંબસનો પુત્ર) તથા અન્ય સરકારી અધિકારીઓ સમક્ષ તેણે પહેલી જ વાર જાહેર વિરોધ નોંધાવ્યો કે વસાહતીઓ દ્વારા મૂળ વતનીઓ તરફ કરવામાં આવતું વર્તન અન્યાયયુક્ત અને ગેરવાજબી હતું. આ દુનિયામાં ખ્રિસ્તી કે બિનખ્રિસ્તી તમામને સમાન સ્વતંત્રતા હોવી જોઇએ, અને ઇન્ડિયનો સામે યુદ્ધ આદરી એમની જમીન પચાવી પાડી એમને પોતાના વેઠિયા બનાવી દેનારા તમામ સ્પેનિશો એક અક્ષમ્ય અપરાધના ભાગીદારો હતા.

ઍન્ટોનિયો મૉન્ટેસિનોસનું આ સ્પષ્ટવક્તૃત્વ અમેરિકામાંના સ્પેનિશ અધિકારીઓને જ નહિ. ખુદ સ્પેઈનને પણ રુચે તેવું ન હતું, પરંતુ લાસ કેસાસના હૃદયમાં એ સોંસરું ઊતરી ગયું. ક્યુબન યુદ્ધોમાં તેણે ગવર્નર ડિયેગો વેલાસ્કવેઝ સાથે ભાગ લીધો, જેના બદલામાં ગવર્નરે એને સારા પ્રમાણમાં જમીન અને રેડ ઇન્ડિયનોની ભેટ આપેલી. ફાધર ઍન્ટોનિયોનાં પ્રવચનોએ તેનામાં આમૂલ પરિવર્તન આણી દીધું. એણે પોતાને મળેલી જમીન અને તે પર રેડ ઇન્ડિયનો પાસે લેવામાં આવતી વેઠનો ત્યાગ કરવાનો નિર્ણય કર્યો, એટલું જ નહિ, પણ જાતે સ્પેઈનના દરબારમાં પહોંચી રેડ ઇન્ડિયનો સામેનાં યુદ્ધો તથા તેમનાં કરવામાં આવતાં શોષણ સામે અવાજ ઉઠાવવાનું નક્કી કર્યું.

ઈ. ૧૯૧૫માં તે સ્પેઈન પાછો ફર્યો, ત્યારે ચાર્લ્સ પહેલો નવોસવો જ ગાદીએ આવેલો, જે પાછળથી પવિત્ર રોમન શહેનશાહ ચાર્લ્સ પાંચમા તરીકે પ્રસિદ્ધ થયો, તે એના આ આશયમાં અમુક અંશે સફળ થયો અને તેને ઇન્ડિયનોના હિતરક્ષક તરીકે વરસે સોનાના ૧૦૦ પેસોના પગારે નિયુક્ત કરવામાં આવ્યો. તેની કામગીરી હતી મૂળ વતનીઓનાં હિતોની રક્ષા કરવાની અને વસાહતીઓ દ્વારા એમને થતા અન્યાયના તમામ કીસ્સા સ્પેઈનના દરબારમાં રજૂ કરીને અપરાધીઓને સજા કરાવવાની.

પરંતુ અમેરિકા પહોંચેલા સ્પેનિશ ધર્મગુરુઓ અને લાસ કેસાસ વચ્ચે ઇન્ડિયનો પ્રત્યેની ઉદ્ધારનીતિ અંગે મતભેદો ઊભા થતાં ઈ. ૧૫૧૭માં લાસ કેસાસ પાછો સ્પેઈન આવ્યો. તેનો ઇરાદો તમામ વિગતો કાર્ડિનલ સિસ્નેરોસ સમક્ષ રજૂ કરવાનો હતો. પરંતુ તેના સ્પેઈન પહોંચતાં પહેલાં જ કાર્ડિનલનું અવસાન થઈ જવા પામ્યું. લાસ કેસાસે આથી હતાશ ન થતાં સીધા જ સ્પેનિશ સમ્રાટને મળી આ અંગે ઘટતું કરવાનું નક્કી કર્યું. તેણે અમેરિકન ઇન્ડિયનો માટે સમ્રાટ સમક્ષ એક યોજના રજૂ કરી. એ યોજના મુજબ કાસ્તિલના કેટલાક નિષ્ણાત ખેડૂતોએ ઇન્ડિયનોને ખેતીવાડીનું શિક્ષણ આપવાનું હતું. ઇન્ડિયનોના માલિક બનીને નહિ પણ એમના સહકારીઓ તરીકે યુરોપની ખેતીપદ્ધતિ અમેરિકામાં દાખલ કરી ખેતીઉત્પાદન વધારવાનું હતું. આ ઉત્પાદનવૃદ્ધિની સાથોસાથ રાજ્યની આવકમાં પણ વૃદ્ધિ સ્વાભાવિક હતી. આ યોજનામાં કોઈ ઇન્ડિયન કોઈ પણ સ્પેનિશ કરતાં સહેજ પણ ઊતરતો ન હતો. બંને જાતિઓને એકબીજી વચ્ચે લગ્નની છૂટ હતી. કોઈ પણ સ્પેનિશ ખેડૂતની જેમ દરેક ઇન્ડિયનને હબસી ગુલામ રાખવાની યે છૂટ હતી. જો કે તેની આ છેલ્લી જોગવાઈથી અમેરિકામાં હબસી ગુલામોનું બજાર ઊભું થયાનો આક્ષેપ કેટલાક તેના પર મૂકે છે, પરંતુ ફ્રેન્ચ ઇતિહાસકાર માર્સેલ બતાઇલોંના જણાવ્યા પ્રમાણે, એણે દર્શાવેલી આ જોગવાઈ ભાગ્યે જ અમલમાં આવી હતી, એટલું જ નહિ, લાસ કેસાસે એ સૂચવવા બદલ પાછળથી તેના લખેલા 'હિસ્ટરી ઑવ ધ ઇન્ડિઝ'માં જાતે જ ભારે પશ્ચાત્તાપ વ્યક્ત કરેલો છે.

ઈ. ૧૫૨૦માં સ્પેનિશ સમ્રાટ ચાર્લ્સે વેનેઝુએલાના સાગરકાંઠાની એક પટ્ટી તેને તેના વિચારો અમલમાં મૂકવા માટે આપી. પરંતુ ખેતરો પર કામ કરવા રોકેલાઓનો મોટો ભાગ નાસી છૂટતાં લાસ કેસાએ એ પ્રયત્ન પડતો મૂક્યો ને નિરાશ મને ડોમિનિકન સંપ્રદાયમાં જોડાઈ ગયો. ૧૫૨૪થી '૩૦ સુધી ડોમિનિકન મઠની શાંતિમાં તેણે કાનૂન અને ધર્મશાસ્ત્રનો અભ્યાસ ચાલુ રાખ્યો. આ સંપ્રદાયમાં એના વિચારોને સમર્થન આપનારા અનેક હોઈ તે ફરી એક વાર

વર્ષભરની શ્રેષ્ઠ કાવ્યકૃતિ માટે એક લેખક તરફથી અપાતું રૂ. ૩૦/-નું પારિતોષિક શ્રી લાલજી કાનપરિયાની રચના 'અજવાળું રમે' ('કુમાર' અંક ૬૯૬)ને આપવાનું તેના નિર્ણાયકો – શ્રી રાજેન્દ્ર શાહ તથા શ્રી ધીરુ પરીખે ઠરાવ્યું છે.


માનવ અધિકારોની રક્ષા માટે મેદાને પડચો. ઇન્ડિયનોના હક પર તરાપ મારતા વસાહતીઓનો એણે પ્રચંડ વિરોધ આદર્યો. તેમની ભૂમિ પચાવી પાડવાના તેઓના તમામ પ્રયાસોને એણે નિંદનીય જાહેર કર્યા. એના જણાવ્યા પ્રમાણે, સ્પેનિશોએ એ ભૂમિ પર પગ મૂક્યો એ પહેલાં અમેરિકન ઇન્ડિયનોનું પણ એક સ્વતંત્ર સાર્વભૌમ રાષ્ટ્ર હતું. વસાહતીઓ કરતાં તેઓ જરા યે ઓછા બુદ્ધિશાળી નહોતા, અને નૈતિક તેમ જ ભૌતિક નજરે કેટલીય બાબતોમાં તેમના કરતાં ચડિયાતા હતા.

ઈ. ૧૫૪૪માં લાસ કેસાસને મધ્ય અમેરિકાનો ધાર્મિક વડો નિયુક્ત કરવામાં આવ્યો. એ પદે રહી એણે સંસ્થાન પદ્ધતિનાં દૂષણો દૂર કરવાનો પ્રયત્ન આદર્યો. એણે જે વસાહતીએ ઇન્ડિયનોને પોતાની ચાકરીમાં રાખ્યા હોય તેમનો મૃત્યુસમયનો એકરાર સ્વીકારવાની પણ ના પાડવા માંડી, જેથી માત્ર વસાહતીઓ સાથે જ નહિ પરંતુ ધર્માધિકારીઓ સાથે પણ તેને ઘર્ષણમાં ઊતરવું પડયું. એ લોકોએ પોતાના વતી બોલવા માટે સીપુલવિડાને ઊભો કર્યો જે ઇન્ડિયનો સામેનાં યુદ્ધોને વાજબી ઠરાવવા માંડયો, જ્યારે લાસ કેસાસ એને ઘોર અપરાધ જાહેર કરવા માંડયો. બંને પક્ષો પોતપોતાના દૃષ્ટિકોણ મુજબ સંસ્થાનનીતિની વ્યાખ્યા કરવા માંડયા, રાજ્ય તટસ્થપણે બંનેને સાંભળતું રહ્યું. પરંતુ છેવટે સમ્રાટ ચાર્લ્સે આ વિવાદનો અંત આણવાનું નક્કી કર્યું. એણે વલ્લાડોલિડ મુકામે ધર્મશાસ્ત્રીઓ અને કાયદાશાસ્ત્રીઓની એક સમિતિ બોલાવી તેની સમક્ષ આ પરસ્પર વિરોધી બંને મંતવ્યો રજૂ કર્યાં, અને સમિતિનો ચોક્કસ નિર્ણય આવતાં પહેલાં જ નવી દુનિયામાં ભૂમિવિજય માટેનાં તમામ યુદ્ધો થંભાવી દીધાં.

સમિતિ સમક્ષ સીપુલવિડાની સામે લાસ કેસાસે એનો દળદાર નિબંધ રજૂ કર્યો અને વાંચી બતાવ્યો. 'એપોલોજિયા' નામનો એ નિબંધ પારીસની નેશનલ લાયબ્રેરીમાં સૈકાઓ સુધી વણછપાયેલો પડયો રહેલો જે થોડાં વર્ષો પહેલાં જ પહેલી વાર મુદ્રિત કરવામાં આવ્યો છે. એમાં અમેરિકાના મૂળ નિવાસીઓનો એણે સમગ્રપણે કરેલો બચાવ વાંચતાં આપણે રૂસો કે વોલતેરને વાંચતા હોઇએ એમ લાગે. તેણે એમના મૂળ ધર્મ સામે ખ્રિસ્તી ધર્મના આક્રમણનો પણ તેમાં જોરદાર વિરોધ કરેલો છે. તમામ જાતિઓને એકબીજાનાં ધર્મ અને સંસ્કૃતિ પ્રત્યે આદર દર્શાવી શાંતિમય સહઅસ્તિત્વ સ્વીકારવા પર તેણે ભાર મૂકયો છે. જો કે એના અંગત મતે કૅથોલિક ધર્મ શ્રેષ્ઠ હતો, પણ એટલા ખાતર અન્ય ધર્મીઓ સામે યુદ્ધમાં ઊતરવા ને તેમને એ ધર્મમાં લાવવા સામે એનો પ્રચંડ વિરોધ હતો. પરંતુ પહેલેથી ધારવામાં આવતું હતું તેમ સમિતિ આ બાબતમાં કશા અંતિમ નિર્ણય પર આવી ન શકી.

લાસ કેસાસે એ પછી આંતરવિગ્રહમાં સંડોવાયેલા પેરૂ તરફ ધ્યાન આપવાનું નક્કી કર્યું. ત્યાંની શાહીવાદી નીતિરીતિ વિરુદ્ધ એણે બે પુસ્તકો બહાર પાડયાં, એક સ્પેનિશ ભાષામાં, બીજું લૅટિનમાં.

તેણે પેરૂની ઈન્કા સંસ્કૃતિનો ચાલતો ધ્વંસ અટકાવી તે અમૂલ્ય ખજાનો જાળવી રાખવાની હિમાયત કરતાં જણાવ્યું કે કોઈ પણ રાષ્ટ્રના પુરાતત્ત્વ, કલા આદિ તે તે પ્રજાની અવિભાજ્ય વસિયત છે, જેમાં હસ્તક્ષેપ કરવાનો કોઈ રાજવીને પણ અધિકાર નથી. આ પ્રાચીન કલાસંપત્તિ પરથી માનવસંપત્તિ પર આવતાં તેણે એના રક્ષણની જોરદાર હિમાયત કરતાં જણાવ્યું છે કે, ઇન્ડિયનો એ દક્ષિણ અમેરિકાની મોટામાં મોટી માનવસંપત્તિ છે. લૅટિન ભાષામાં લખેલા તેનો આ ગ્રંથ 'ડી થેસોરિસ' સ્પેનિશ સમ્રાટ ફિલિપ બીજાને અર્પણ કર્યો, અને એ સાથે તેની



*

બાર્ટોલોમી ડી લાસ કેસાસ


અશોક હર્ષ

સાહિત્યિક કારકિર્દી પૂરી થઈ. ત્યાર બાદ થોડા જ સમયમાં ઇ. ૧૫૬૬ના જુલાઈની ૧૭મી કે ૧૮મીએ માડ્રિડ મુકામે તેનું અવસાન થયું.

લાસ કેસાસે સ્વાતંત્ર્યની વાત જ્યાં કરી છે ત્યાં સમગ્ર માનવ જાતની સ્વાતંત્ર્યની વાત કરી છે, કોઈ એક દેશ-વિશેષ કે જાતિવિશેષની નહિ. એને મન આ જગત પર સ્વતંત્રતા જ માનવીની સૌથી મોંઘી સર્વોપરિ મૂડી છે, એટલે તે એના હ્રાસ કે અતિક્રમણની જ્યાંજ્યાં વાત કરે છે તે કોઈ એક જ દેશ કે કાળને લાગુ ન પડતાં સર્વદેશીય અને સર્વકાલીન મહત્ત્વ ધરાવે છે. માનવીના કોઇ પણ સમુદાય પર તેની મુક્ત ઇચ્છા વિના કોઈ પણ સરકાર લાદી ન શકાય, એ જ રીતે કોઈ ધર્મ પણ લાદી ન શકાય. સ્વાતંત્ર્યના દમનકાળે એની રક્ષા માટે મેદાને પડેલા લાસ કેસાસે પાડી આપેલી કેડીએ જ એ પછીના સઘળા વિચારકો ચાલ્યા છે અને માનવ અધિકારોના રાજમાર્ગનું નિર્માણ થવા પામ્યું છે. □

---

* સેવિલના 'બિબ્લીઓટિકા કૉલમ્બિના'માં સંગ્રહીત લાસ કેસાસની એક માત્ર છબી. કલાકાર : ઍન્ટોનીઓ લારા.



(ફોટો : વસંત પરીખ)

યમ (દિક્પાલ-૩)

યમ દક્ષિણ દિશાનો દિક્પાલ છે. એ વિવસ્વત્ (સૂર્ય)નો પુત્ર છે. આ વિવસ્વત્ એ જ અવસ્તાનો વિવંઘહાન અને એનો પુત્ર યમક્ષેત (જમશીદ) તે જ ઋગ્વેદમાં વર્ણવાયેલો યમ. ઋગ્વેદમાં સૂર્યને 'દક્ષિણાનો પુત્ર' કહેલો છે. અને સંભવતઃ આથી જ સૂર્યના પુત્ર યમને ઉત્તરકાળમાં દક્ષિણ દિશાના પાલક તરીકે સ્થાપિત કરેલો જણાય છે. યમના નામ પરથી દક્ષિણ દિશાને 'યામ્યા' તરીકે ઓળખવામાં આવે છે. જૈનમંદિરના દિક્પાલોમાં પણ યમનું સ્થાન છે. અતઃ જૈનધર્મમાં પણ દિક્પાલ તરીકે યમ સ્વીકૃત થયેલ છે. ઋગ્વેદમાં યમને ઉદ્દેશીને ત્રણ સૂક્તો રચાયેલાં છે. યમ મર્ત્ય મનુષ્યોમાં સહુથી પ્રથમ મરનાર, પરલોકનો રસ્તો શોધી કાઢનાર, ને એ પિતૃયાન પર ચાલીને જનાર હતો. (ઋગ્વેદ, ૧૦-૨-૭) આથી જ એ દેવથી વિશેષ મૃતાત્માઓના રાજા (યમં રાજાનમ્) તરીકે ઋગ્વેદમાં વર્ણિત થએલો છે, 'સૂર્યાસ્તનો દેવ' એવું સંબોધન યમ મૃતાત્માનો દેવ હોવાનું દર્શાવે છે. બ્રાહ્મણ ગ્રંથોમાં એ ન્યાય તોળનાર અને પાપીને સજા કરનાર બને છે. ક્રમશઃ જનસામાન્યને મન મૃત્યુના ભયાનક દેવ 'યમરાજ'નું બિહામણું રૂપ ધારણ કરે છે.

યમનો ભાઈ તે મનુ. તેની બહેન યમી. યમ-યમીનો સંવાદ હિંદુશાસ્ત્રમાં સુપ્રચલિત છે. સ્વયં યમે ઉદ્દાલકના પુત્ર નચિકેતાને કહેલું આખ્યાન 'કઠ ઉપનિષદ'માં છે. ત્યાં પણ યમને વિવસ્વત્ (સૂર્ય)નો પુત્ર (વૈવસ્વતોદકમ્) કહેલ છે. 'તૈત્તિરીય ઉપનિષદ'માં વાયુ, સૂર્ય, અગ્નિ અને ઇન્દ્ર સાથે પાંચમા દેવ રૂપે યમને મૃત્યુદેવ તરીકે માન્યો છે. 'બૃહદારણ્યક ઉપનિષદ'માં શાકલ્યના 'દક્ષિણ દિશામાં તમે કયા દેવ રૂપે છો?' એવા પ્રશ્ન રૂપે યાજ્ઞવલ્કય 'યમદેવ રૂપે' એવો ઉત્તર આપે છે. આ યમને યજ્ઞનો, યજ્ઞને દક્ષિણાનો, દક્ષિણાને શ્રદ્ધાનો અને શ્રદ્ધાને હૃદયનો આધાર હોવાનો રસિક સંવાદ છે.

પારસીઓમાં જલપ્રલય ટાણે જમશીદે ઈરાન બચાવ્યું તેવી અનુશ્રુતિ છે, તો હિન્દુઓ યમના ભાઈ મનુએ જગત તાર્યું એમ માને છે.

આ યમદેવને બુદ્ધદેવ બસુ 'એક અનુલ્લંઘનીય નિયમની પ્રતિમૂર્તિ' રૂપે ઓળખાવે છે અને યુધિષ્ઠિરના જનક માને છે. 'યુગાન્ત'માં ઈરાવતી કર્વેએ પણ યમદેવને યુધિષ્ઠિરના જનક માન્યા છે. 'કાલાન્તક' તરીકે સુપ્રસિદ્ધ આ જગતની માનવજાતને સંયમમાં રાખનાર અને એની સમતુલા જાળવનાર યમદેવ જગતના નિયામક છે. એમની પત્નીનું નામ ધૂમોર્ણા છે. કાર્તિક સુદ બીજ યમદ્વિતીયા કહેવાય છે.

મૃત્યુના અધિપતિ યમદેવનું અર્ચન સવિશેષ થતું. પૂર્વકાળમાં યમરાજનાં સ્વતંત્ર મંદિરો હોવાનું પ્રમાણ 'મુદ્રારાક્ષસ' (૧-૧૮)માંથી મળે છે. વળી, યમ પ્રાણહારક હોવાથી એ કાળમાં યમની પ્રાણહારક પ્રક્રિયાનાં ચિત્રો દ્વારા જનસમાજમાં જીવનની ગતિનો ઉપદેશ આપવાની પ્રથા હશે એમ 'યમપટ પાથરી ધર્મનો ઉપદેશ કર્યું' એવા 'મુદ્રારાક્ષસ'માંના કથન પરથી સમજાય છે. ગુજરાતમાં યમનાં મંદિરોની પરંપરા હોવાનું 'દ્વયાશ્રય' મહાકાવ્ય પરથી ફલિત થાય છે.

દિક્પાલ યમના મૂર્તિવિધાનના ઉલ્લેખો 'અભિલષિતાર્થ ચિન્તામણિ', 'અગ્નિપુરાણ', 'અંશુમદ્ભેદાગમ', 'રૂપમંડન', 'રૂપાવતાર', 'મત્સ્યપુરાણ' ઇત્યાદિમાં મળે છે. ગુજરાતમાં મહદ્ અંશે દિક્પાલ યમની ચતુર્ભુજ મૂર્તિઓ મળે છે.

હાથમાં દંડ અને વાહન મહિષ એ યમની પ્રતિમાનું પ્રમુખ લક્ષણ છે. મોઢેરાના સૂર્યમંદિરમાં કંડારેલી દિક્પાલ યમની પ્રસ્તુત ચતુર્ભુજ મૂર્તિમાં વાહન મહિષ અને જમણા ઉપલા હાથમાં દંડ સ્પષ્ટ દેખાય છે. આ ત્રિભંગ-મૂર્તિના બંને ડાબા હાથ ખંડિત છે. જમણા નીચલા હસ્તમાં માલા છે. ગળામાં હાર છે. મૃત્યુના દેવ યમની આ મૂર્તિની મુખમુદ્રા સૌમ્ય ગણાય છે.

—પ્રફુલ્લ રાવલ

ઘરગથ્થુ ઓસડ : તુલસી

હજી આપણે ઘરઆંગણે ક્યારામાં કે કૂંડામાં તુલસીનો છોડ રાખીએ છીએ એ આ યુગમાં આપણે જારી રાખેલી એક ઉત્તમ પ્રથા છે.

તુલસીનો રસ સહેજ કડવાશ સાથે તીખો અને તાસિરે ગરમ છે. તે વાત-કફ-નાશક અને પિત્તવર્ધક, જંતુઘ્ન, દુર્ગંધનાશક, ઉત્તેજક, અગ્નિદીપક, આમપાચક, હૃદયોત્તેજક, રક્તશોધક, શોથહર, સ્વેદજનક, જ્વરઘ્ન અને વિષઘ્ન છે.

શરદી, સળેખમ, ઉધરસ, દમ જેવા રોગોમાં તુલસીનો રસ ગુણકારી છે. આંખ આવી હોય તો તુલસીનાં પાનના રસનાં ટીપાં નાખવાં. પેટના, પડખાંના કે માથાના દુખાવામાં તુલસીના તથા આદુના રસનું સેવન કરવું. ફ્લુ અને મૅલેરિયાના તાવમાં તુલસીનાં પાન સાથે કાળાં મરીનો ભૂકો ચાવીને ખાઈ જવો. મોં વાસ મારતું હોય, ભૂખ મરી ગઈ હોય, અરુચિ જણાતી હોય, પેટ ભારેભારે લાગતું હોય ત્યારે તુલસીનાં થોડાં પાન ચાવી જવાં.

બલૈગ્રા નામના રોગમાં શરીર પર ડોક, કોણી વગેરે સ્થાને કાળા ડાઘા દેખાય છે તે તુલસીનાં બીજના સેવનથી મટે છે.

તુલસીના છોડથી મચ્છર દૂર ભાગે છે એવું પણ મનાય છે.

પણ ગરમ પ્રકૃતિવાળી વ્યક્તિએ તુલસીનું સેવન કરવું નહિ.

—વૈદ્ય નવીનભાઈ ઓઝા

જંતુનાશક દવાઓ

રક્ષક કે ભક્ષક?

— જી. વી. પટેલ —

આ ખબારો અને રેડિયો તથા વિવિધ પ્રચાર-માધ્યમો દ્વારા થતી જાહેરાતોથી અનેક નવીનવી જંતુનાશક દવાઓનાં નામો હવે તો ગામડાંના અભણ ખેડૂતોની જીભે રમતાં થઈ ગયાં છે. આજના યુગમાં ખેતીવાડીમાં ઉગાડાતા પાકનું રક્ષણ કરી તેનું ઉત્પાદન વધારવા અને અનેક પ્રકારના જંતુજન્ય રોગો સામે આરોગ્યની જાળવણી કરવા માટે નવીનવી દવાઓ શોધાય અને તેનો પ્રચાર થાય એ સ્વાભાવિક છે, અને ઇચ્છનીય પણ છે.

બીજા વિશ્વયુદ્ધ પહેલાં પશ્ચિમના દેશોમાં ત્યાંની પ્રજા માટે પૂરતા પ્રમાણમાં અનાજ પેદા થતું હતું. અમેરિકા અને પૂર્વ યુરોપમાંથી થોડા પ્રમાણમાં અનાજની નિકાસ પણ થઈ શકતી હતી. બીજી બાજુ એશિયાના મોટાભાગના દેશો અનાજક્ષેત્રે પરાવલંબી હતા. છેક હમણાં ઈ. ૧૯૭૭ સુધી આપણે દર વર્ષે લાખો ટન અનાજ બહારથી લાવવું પડતું હતું. કારણ વસતિના પ્રમાણમાં અનાજનું ઓછું ઉત્પાદન થતું હતું.

પણ પૃથ્વી પર બેથી યે વધુ ટકાના પ્રમાણમાં વધતી રહેલી વસતિના પ્રમાણમાં હજી યે અનાજનું ઉત્પાદન ઓછું પડે છે. આના ઉપાય તરીકે વધુ અનાજ ઉગાડવાની સાથોસાથ પાકના રક્ષણની પણ એટલી તાતી જરૂરત જણાય છે. આ માટે ખેતીની નવીનવી પદ્ધતિઓ વિકસવા સાથે નવીનવી જંતુનાશક દવાઓની શોધ પણ થતી રહી છે. બીજા વિશ્વયુદ્ધ પછી તો જંતુનાશક દવાઓનો ઉપયોગ બહુ ઝડપથી વધ્યો છે. અને ખેતીવાડીમાં જ નહિ, મૅલેરિયા અને અન્ય રોગો સામેની લડતમાં પણ આવી દવાઓનો વપરાશ વધતો રહ્યો છે. પરિણામે થોડા દાયકા પહેલાં જે રોગોથી આપણે અત્યંત ગભરાતા રહેતા એ રોગોનો ફેલાવો ઘટાડવામાં કે તેને નાબૂદ કરવામાં ઠીકઠીક સફળતા મળતી દેખાઈ છે. આથી આજે અનેક અલ્પવિકસિત દેશોમાં પહેલાંની સરખામણીમાં આરોગ્યનું પ્રમાણ સુધર્યું છે. ચૂંક, મરડો, કૉલેરા, ટાઈફૉઈડ, મૅલેરિયા વગેરે મચ્છર-માખી ઈત્યાદિ દ્વારા ફેલાતા અનેક રોગોનો ભય ઘણો ઘટાડી શકાયો છે. બીજી બાજુ જંતુનાશક દવાઓનો ઉપયોગ વધારીને પાકનું રક્ષણ કરી તેના ઉત્પાદનમાં તથા રક્ષણમાં પણ મોટી સિદ્ધિ મેળવી શકાઈ છે. છેલ્લા દાયકામાં ઉત્તર અમેરિકાની અનાજની નિકાસમાં વધારો થઈ હવે દર વર્ષે લગભગ ૧૩ કરોડ ટન જેટલું અનાજ બીજા દેશોને આપવા જેટલી ક્ષમતા ત્યાં સાધી શકાઈ છે. આપણો દેશ પણ હવે અનાજની આયાત બંધ કરવા જેવી સ્થિતિએ પહોંચ્યો છે. આમાં જંતુનાશક દવાઓનો ઉપયોગ પણ એક મુખ્ય કારણ છે. આજે આવી દવાઓ 'ખોરાક મેળવવા માટેના એક શસ્ત્ર' સમાન બની ગઈ છે.

છતાં એક અંદાજ છે કે હજીયે ભારતમાં દર વર્ષે રોગ અને જીવાત દ્વારા ૧૫ થી ૨૦ ટકા જેટલો પાક નાશ પામે છે. જમીન, ઉષ્ણતામાન, વરસાદ તથા પોષણની ન્યૂનતા હાનિકારક જંતુ-જીવાતને માટે ક્યારેક અનુકૂળ બની રહેતાં તનતોડ મહેનત કરીને ઉગાડેલા પાકને એ સત્ત્વહીન તથા લોકોને શક્તિહીન બનાવી દે છે.

ખેતીવાડીના પાક તથા માણસના આરોગ્યના રક્ષણ માટે અનેક પ્રકારની જંતુનાશક દવાઓ આજે ઉપલબ્ધ છે, અને તેમાં નવી નવી દવાઓ ઉમેરાતી પણ જાય છે. ભારતમાં 'હરિયાળી ક્રાંતિ'ની જે હવા ફેલાઈ છે તેના મૂળમાં આવી દવાઓનો વધતો વપરાશ પણ છે જ. આને લીધે ઈ. ૧૯૭૮માં દેશમાં ૧૨૫૦ લાખ ટન અને તે પછીના જ વર્ષમાં ૧૩૩૦ લાખ ટન જેટલું અનાજનું વિક્રમ ઉત્પાદન શક્ય બન્યું હતું.

પરંતુ આ જંતુનાશક દવાઓનો ખોટો કે વધુકો ઉપયોગ એટલો જ હાનિકર પણ નીવડે છે. અનિચ્છનીય જીવાતોની સાથે એ પ્રાણીઓ અને માણસને માટે ક્યારેક જીવલેણ નીવડ્યાના સમાચારો પણ હવે અવારનવાર જાણવા મળે છે. ડી. ડી. ટી., કેલ્ડ્રિન, ક્લૉરડેન એનડ્રીન, મેલેથીઅન, હેપ્ટાક્લૉર, પેરેથીઅન વગેરે જંતુનાશક દવાઓ કેવળ જંતુઓ માટે જ નહિ. માણસને માટે પણ ઝેરી ને જીવલેણ બની શકે છે. અને કદાચ હવે એવું જ બની રહ્યું છે.

જો કે અન્ય વિકસિત દેશોની સરખામણીમાં ભારતમાં જંતુનાશક દવાઓનો વપરાશ હજી ઘણો ઓછો છે. આપણે હાલમાં હેક્ટર દીઠ ૩૪૦ ગ્રામ જેટલી જંતુનાશક દવાઓ વાપરીએ છીએ, જ્યારે અમેરિકામાં તેનું પ્રમાણ ૧૪૮૦ ગ્રામનું, અને જાપાનમાં તો ૧૦,૭૯૦ ગ્રામ જેટલું છે. આનાં કારણોમાં એક તો આપણા ખેડૂતો એટલો ખર્ચ કરવા જેટલા સમૃદ્ધ નથી તે, તથા જીવહિંસાનું પાપ વહોરતાં એ ખચકાય છે તે મુખ્ય ગણી શકાય.

પણ આવી ઝેરી દવાઓનો બેફામ ઉપયોગ કેવાં પરિણામો લાવી શકે છે તે તરફ ઈ. ૧૯૬૨માં એક અમેરિકન બાઈ રસીલ કાર્સને પહેલી વાર ધ્યાન દોર્યું હતું. જંતુનાશક દવાઓના છંટકાવથી વાતાવરણ, ખોરાક અને પાણી દુષિત થાય છે અને તે સીધી કે આડકતરી રીતે અન્ય જીવોને માટે જોખમી બને છે એ તરફ લક્ષ દોરતાં એણે તો ત્યાં સુધી કહેલું કે, 'માનવી કુદરત પર વિજય મેળવવાની ઘેલછા છોડશે નહિ તો પોતાના હાથે જ એ પૃથ્વીનો નાશ નોતરશે.' બે દાયકા પૂર્વે એણે આ વાત વહેતી કરી ત્યારે તો તેની સામે ખળભળાટ મચી ગએલો, અને અનેક વિજ્ઞાનીઓએ તેના કથનનો વિરોધ કર્યો હતો.

ભલે એ સમયે રસીલ કાર્સનનો વિરોધ થયો, પરંતુ હવે તેની વાત સમજાવા લાગી છે. કારણ હવે જંતુનાશક દવાઓના વધુકા કે ભૂલભરેલા વપરાશથી ભારે હાનિ થયાના બનાવો પણ નોંધાવા લાગ્યા છે. ઉપદ્રવી જીવજંતુઓના નાશ સાથે નિરુપદ્રવી અને ઉપકારક જીવજંતુઓની પણ જીવહાનિ થવા માંડતાં સરવાળે ગેરફાયદા પણ વધી જતા જણાયા છે. ઉદાહરણ તરીકે એક તપાસમાં જણાયું છે કે અમેરિકન માણસની ચરબીના એક કિલોગ્રામ દીઠ તેમાં ૧૦ થી ૧૨ મિલિગ્રામ જેટલું ડી. ડી. ટી. ભળેલું જોવા મળ્યું છે, પરંતુ ભારતમાં તો આ પ્રમાણ ૨૭ થી ૩૨ મિ. ગ્રા. જેટલું જોવા મળ્યું છે. દવાઓના ઉપયોગ અંગેના અજ્ઞાનની સાથે એમ પણ મનાય છે કે આપણે ત્યાં બહુધા આવી દવાઓ હાથપંપ વડે છંટાતી હોઈ શ્વાસની સાથે તે શરીરમાં વધુ પ્રમાણમાં પ્રવેશે છે. વિકસિત દેશોમાં આવી દવાઓ મોટા પાયે પણ વિમાન દ્વારા છાંટવામાં આવે છે.

ખેતીવાડીના પાકમાં ઉત્પન્ન થતા રોગોથી નુકસાન તો થાય જ છે. અને ઘણી વાર તો એ અતિ ઘણું હોય છે. પણ વિજ્ઞાનીઓ હવે સહમત થયા છે કે જંતુનાશક દવાઓના ઉપયોગથી ભલે એવા રોગો તથા ઉપદ્રવી જીવાતો નાશ પામે, પરંતુ એ ઉપદ્રવી જંતુઓ ને જીવાતોની નવી પેઢી આવી દવાઓ સામે પ્રતિકાર કરવાની ક્ષમતા પણ કેળવી લેતી જોવા મળી છે. આવી ઝેરી દવાઓને યે પચાવી જનાર જંતુઓ 'સુપર પેસ્ટ' નામે ઓળખાય છે. ૧૯૬૫માં આવાં ૧૮૦ જાતનાં સુપર પેસ્ટ નોંધાયાં હતાં, આજે એમની ૪૦૦ જેટલી જાત છે. આપણે ત્યાં કપાસમાં થતી 'લશ્કરી', બટાટાની 'કોલોરાડો બીટલ', ડાંગરની 'સ્ટેમબોરર' ઈયળો આવા પ્રકારની જીવાતો છે જે જંતુનાશક દવાઓ સામે પણ ટકી શકે છે.

ઈઝરાએલે પોતાને ત્યાં ફળફળાદિની પેદાશ ઘણી વધારી છે. વધુ

ઉત્પાદન માટે જંતુનાશક દવાઓનો પણ તે બહોળો ઉપયોગ કરે છે. પરિણામે વધારાની પેદાશ એ પશ્ચિમ યુરોપમાં મોકલે છે. ઈ. ૧૯૭૮ના માર્ચમાં ઈઝરાએલની મોસંબી ખાધા પછી જર્મનીમાં ચાર બાળકો મૃત્યુ પામ્યાં. તપાસ કરતાં જાણવા મળ્યું કે એ મોસંબીમાં ઝેરી તત્ત્વ હતું. તુરત જ જર્મનીનાં નવ જેટલાં શહેરોમાં ઈઝરાએલની મોસંબીનું વેચાણ અટકાવી દેવામાં આવ્યું. મોસંબીમાં પ્રવેશેલું ઝેરી તત્ત્વ જંતુનાશક દવાઓની દેન હતી.

ભારતમાં પણ સંશોધન પછી શાકભાજી, શીંગ, કઠોળ, અનાજ વગેરેમાં જંતુનાશક દવાઓની હાજરીનું પ્રમાણ ૮૦-૯૦ ટકા જેટલી હદ સુધી જોવા મળ્યું છે. અને આ તો આવી દવાઓનો ઓછો ઉપયોગ થતો હોવા છતાં દેખાએલું પરિણામ છે. અમેરિકામાં ૧૯૬૬માં ૭-૫ કરોડ કિલોગ્રામ જંતુનાશકો વપરાયાં હતાં જેની કિંમત ૨ અબજ રૂપિયા જેટલી થતી હતી, પણ ૧૯૮૦માં ત્યાં ૨૦ અબજ રૂપિયા જેટલી કિંમતની આવી દવાઓ વપરાઈ હતી.

આમ, ઉપદ્રવી જીવજંતુને મારવા જતાં માનવી પોતાને માટે પણ જોખમ ઊભું કરે છે. આમાંની કોઈ દવાઓ શરીરમાં પ્રવેશી 'વિટામિન એ'નો નાશ કરે છે. આ વિટામિનની ઊણપ રતાંધળાપણું, મોં સુકાવું, શિરદર્દ, ભૂખનાશ, ખાંસી, ન્યૂમોનિયા, દમ, ક્ષય વગેરે જેવા રોગોનું કારણ બને છે. એટલે ઉપદ્રવી જીવાતો ને જંતુઓનો નાશ કરવા જતાં માણસ ખુદ તે દવાઓનો શિકાર બની જાય છે. આવી દવાઓ છાંટેલાં અનાજનાં ગોદામોમાં કામ કરવા જતાં ગૂંગળાઈ મરવાથી, છંટકાવ કરતી વખતે શ્વાસમાં આ ઝેરી દવા જવાથી, ભૂલથી આવી દવા પીવાઈ જતાં, એમ અનેક રીતે માણુસ મરી જવાના બનાવો પણ હવે અવારનવાર બનતા જાણવા મળે છે.

વળી, છેલ્લાં ત્રીસ-પાંત્રીસ વર્ષથી આવી દવાઓનો વપરાશ વધતો રહ્યો છે. આ રીતે વપરાએલી દવાઓ ચોમાસામાં ધોવાઇને અંતે નદી, સરોવર ને સમુદ્રોમાં પહોંચે છે, અને એ રીતે દૂષિત થતા જળમાં વસતાં જીવને પણ નુકસાન કરે છે. આવા દૂષિત જળમાં માછલીઓનું પ્રમાણ પણ ઉત્તરોત્તર ઘટતું જાય છે, અને જે માછલી પકડાય છે ને આહારમાં વપરાય છે ત્યારે એની સાથે આ દવાઓનું ઝેર માણસના પેટમાં પણ જાય છે. એથી તાત્કાલીક હાનિ થવા સાથે નવાં જન્મતાં બાળકો પર પણ એની અસર એક યા બીજી વિકૃતિ રૂપે જોવા મળી છે.

અમેરિકાની કેટલીક નદીઓનાં પાણીમાં હવે ડી. ડી. ટી. પણ ભળેલું જોવા મળે છે. ગંગાનું પાણી હવે 'પવિત્ર' હોવાની લાયકાત ગુમાવી રહ્યાનું તો આપણે જાણીએ છીએ. નાઇલના મુખપ્રદેશના સાગરજળમાં વસતી માછલીઓનું પ્રમાણ ઘટી ગયાનું એક મુખ્ય કારણ આ ઝેરી દવાઓ પણ છે. આ જ રીતે દવાઓનો છંટકાવ થયો હોય તેવા વિસ્તારમાં ચારો ચરનારાં ઢોર કે દવા છંટાએલા અનાજના કણ ખાતાં પક્ષીઓની સલામતી પણ જોખમાવા લાગી છે. પોતાનાં ઢોરના રક્ષણ માટે ગિરના માલધારીઓ સિંહને મારવા આવી ઝેરી દવાઓનો પણ ઉપયોગ કરે છે, જેને કારણે એમની વૃદ્ધિમાં પણ બાધા સર્જાય છે, અને આવી જ હાલત જંગલના હાથીઓ માટે પણ હવે ઊભી થઈ છે. આપણે ત્યાં હાથીઓની સંખ્યા પણ હવે ઠીકઠીક ઘટી ગઈ હોવાનું જાણવા મળ્યું છે.

અમેરિકામાં કેલિફોર્નિયા રાજ્ય 'ફળફળાદિનો ભંડાર' કહેવાય છે. દુનિયાભરમાં વપરાતી જંતુનાશક દવાઓનો પાંચ ટકા જેટલો ભાગ તો એકલું કેલિફોર્નિયા જ વાપરે છે. હવે ત્યાં ફળના પાકમાં ઓટ આવતી વરતાવા લાગી છે. કારણ ઉપદ્રવી જીવજંતુઓ મારવા જતાં ઉપયોગી જીવજંતુઓ પણ નાશ પામવા માંડયાં છે. અગાઉ ત્યાં 'સ્પાઈડર માઈટ્સ'નો નહિવત્ ઉપદ્રવ હતો તે હવે ઘણો વધી ગયો છે. કારણ આ સ્પાઈડર માઈટ્સને નિયંત્રણમાં રાખતા જંતુઓ પણ આવી દવાઓથી નાશ પામ્યાં છે. પરિણામે એ ઉપદ્રવી માઈટ્સને નુકસાન કરતાં અટકાવવા ત્યાંના ખેડૂતોને દર વર્ષે ૧ અબજ રૂપિયા જેટલો ખર્ચ કરી જંતુનાશકો વાપરવાં પડે છે. અમેરિકાના વૉલ્ડન બૉશ તો ત્યાં સુધી કહે છે કે, 'આપણે જંતુનાશક દવાઓથી ઉપદ્રવી જંતુઓનો નાશ કરી શકીશું એમ માનવું એ જાતને છેતરવા બરાબર છે. આ જંતુઓ આવી દવાઓથી ટેવાઈ જાય છે તથા તેમની નવી પેઢી આવી દવાઓ સામે પોતાનો બચાવ કરી લેવાની ક્ષમતા કેળવી જ લે છે, એટલું જ નહિ, અતિ ઝડપથી એમની સંખ્યા વધવા સાથે તેઓ સ્થળાંતર કરી બીજે પણ પહોંચી જઇને ત્યાં નુકસાન વધારે છે.'

આમ, જે રક્ષક છે તે જ આપણા માટે ભક્ષક બની રહે છે. ઉત્પાદન વધારવાના અભરખામાં બીજો કંઈ પણ વિચાર કર્યા વિના આવી દવાઓનો બેફામ ઉપયોગ ખુદ આપણા પોતાવા માટે પણ આપણે જ જોખમ રૂપ બનાવી રહ્યા છીએ. ભાવિ પેઢી કદાચ આપણને આ માટે માફ ન પણ કરે. □

ઘણું જીવો રાજા

(ડેમોન રનિયનની એક વાર્તા)

ચંદ્રવદન ચી. મહેતા

ઓડવેના રસ્તાઓ ઉપર લટાર મારતો હું બૉબીના ચૉપ-હાઉસ રેસ્ટોરાં આગળ આવી પહોંચ્યો. અહીંનો સ્ટ્યૂ બહુ વખણાય, અને એમાં યે આજે તો મંગળવાર એટલે વળી 'સ્પેશ્યલ બીફ સ્ટ્યૂ' બનવાનો. આ સાંભરતાં હું રેસ્ટોરાંમાં દાખલ થઈ ગયો. મંગળવારની સાંજ, ગરમાગરમ નૉનવેજિટેબલ સ્ટ્યૂ – જો કે નૉનવેજ હોવા છતાં તેમાં બીજું ઘણું વેજિટેબલ પણ હોય, અને બટાટા તો ખરા જ, તે ઉપરાંત, પીળચટા ગાજરના ટુકડા યે તેમાં તરતા દેખાય. રસોડામાંથી આખા રેસ્ટોરાંમાં ફેલાતી એ સ્પેશ્યલ સ્ટ્યૂની ગરમાગરમ સોડમ લેતો હું તેનો ઑર્ડર આપી ખૂણાના એક ટેબલ પર જઈ બેઠો, ને ત્યાં પડેલાં ચોપાનિયાંમાં ગયા શનિ-રવિની રેસનાં પરિણામો પર નજર ફેરવવાનું વિચારી તે હાથમાં લીધાં. પણ હું છાપામાં નજર નાખું તે પહેલાં તો મારા બે જૂના મિત્રો અને જેને મેં મારી જિંદગી-માં પહેલી જ વાર જોયો એવો એક દાગીનો, એમ ત્રણ જણ મારી પાસેની ખાલી ખુરશીઓમાં ગોઠવાઇ ગયા. પેલા બે તો જાણીતા હતા. એક હતો ફિલાડેલ્ફીઆનો કિટી ધ કિવક. બત્રીસેક વર્ષનો ઠસ્સાદાર. પલકવારમાં બુદ્ધિ ચલાવે એવો હોશિયાર. સાફસુથરો રહેનારો. 'હન્નર નર કપડાં'માં માને, એટલે એને લફરફફર કોટપાટલૂન તો ચાલે નહિ. બે-પાંચ વર્ષ પહેલાં ક્યાંક સારું કમાઈ ગએલો, તેમાંનું ઉશેટાઇ જતાં યે સારી રકમ બચેલી તે એણે એક સામટાં કપડાં સિવરાવીને ત્રણ મોટાં કબાટ ભરી રાખેલાં. લાગે છે કે ધૂળ-તાપથી બંધબારણે રક્ષાએલા એ વસ્ત્રભંડારની સમૃદ્ધિમાં હજી ખાસ ઘટાડો નોંધાયો નહિ હોય. આવો આ કિટી ધ કિવક એટલે 'ધ કિવક જ'. ક્યાંની ક્યાં એની નજર ફરી વળે, અને નજરની પાછળ તુરત પગ પણ ફરકે, અને એક વેળા એ સરક્યો કે પછી શોધ્યો જડે નહિ.

બીજો તે ઈઝી ચીઝકેઈક. ચીઝવાળાં કેઈક જુએ કે ખલાસ. બે ડગલાં આમ કે તેમ એ ત્યાંથી ખસે નહિ, અને મોંમાં તો પાણી ઉભરાય. એ કેઈક ખાય પછી જ એને જંપ વળે. અને દીઠેલું કેઈક એ કેવી રીતે હાથ કરે એ તો એ જ એકલો જાણે, ને બીજો જાણે એનો દેવ. કદાચ પૂછીએ તો કહે કે એ તો ટૉપ સિક્રેટ છે. પણ લગભગ બધાને એના રહસ્યનો ખયાલ છે. અસલમાં તો યે ક્રિયા ક્યારે અમલમાં મૂકવી એ ઘડી પારખી જવામાં એની સિદ્ધિ છે, ને એ એનો કીમિયો છે.

આ બેને તો હું જાણું. બંને મારા દોસ્ત. બ્રોડવે પર અવારનવાર મળી જાય એમ આજ ભટકાઈ ગયા. રેસ્ટોરાંમાં મળે તો હું જે ખાઉં-પીઉં તેમાં એમનો ભાગ તો ખરો જ, ક્યારેક મારા જોખમે ને હિસાબે યે તેઓ મનપસંદ ખાણીપીણી કરી લે. પણ આ ત્રીજો દાગીનો ન ઓળખાયો. એનું ભૂંડ જેવું મોં અગાઉ મેં જોયું હોય તેમ લાગતું નહોતું. પણ એની એ અપરિચિતતા એણે ઘડીના છઠ્ઠા ભાગમાં હટાવી દીધી. મારા માટે આવેલો આજનો અહીંનો બીફ સ્ટ્યૂ,. એક હાથે ડિશમાંના ચમચાને બાજુએ મૂકી બીજા હાથે ડિશમાંના કટોરાને મોઢે માંડી સહેજ પણ સિસકારો કર્યા વિના ઊનેઊનો જ એ ગટગટાવી ગયો, અને અંદર બાકી રહેલો ઘન પદાર્થ મોંમાં મમળાવતો અદબ વાળી આરામથી બેઠો. આ અમારી પહેલી જ મુલાકાત, એમાં એને લાભ મને ગેરલાભ. એનું નામ જાહેર થતાં જાણ્યું કે એ હતો 'જોજો-જોજો ઑવ શિકાગો'. આ ઓળખાણ મળતાં જ શિકાગોમાં એની કીર્તિ ક્યાંક્યાં ને કેટલી પ્રસરેલી છે એના આછા ઈશારા મારી યાદ-દાસ્તમાં ઝબકવા માંડ્યા. મૂળ ઈટાલીનો, બાંધ્યા બેઠા ઘાટનો. આંખો ઊંઘથી ઘેરાએલી હોય એવી લાગે પણ પોપચાંની નીચે એની નજર સરકસમાં ટાંપીને બેઠેલા સિંહ જેવી તેજ. મૂછો કાળી અને બરછટ. એનું ચોપડે ચડેલું નામ તો ઍન્ટોનિયો, પણ શેક્સપીઅરના માર્ક ઍન્ટોની સાથે એને સૂતકનો યે સંબંધ નહિ. આપણો આ ઍન્ટોનિયો પેલા ઐતિહાસિક ઍન્ટોનીનું નામે ય જાણે નહિ. બે, કે મે બી, ત્રણેક મિનિટમાં ઓળખવિધિ પત્યો કે તુરત કિટી કિવકે મૂળ વાતની પ્રથમ તરજ છેડી. આલાપ-વિલાપ છોડી સીધા અસ્તાઈ પર ઊતરતાં તેણે પૂછ્યું: 'રનિયન, તેં યુરોપ જોયું છે?'

'હં.' હવે મુદ્દાની વાત શરૂ થશે એટલે મેં સાવચેતી રાખી માત્ર હુંકાર જ ભણ્યો. પછી ધીરે રહીને એના પ્રશ્નનું કારણ પૂછ્યું તો કહે, 'તું યુરોપમાં કોઇને ઓળખે છે?' એની એ જ તરજ, પણ સૂર જરા મીઠો. મારી સાવચેતી વધી ગઈ. આ તે કેવો સવાલ? આ બેને તો હું જાણું, બંને ગઠિયા; અને આ ત્રીજો, એ પેલા બે અને એને ગુણ્યા બાર, એટલે ચોવીસિયો નંગ. આ લોકોના આવા રાજકારણીય કે સામાજિક વળાંકવાળા સવાલનો વિચાર્યા વગર તુરત જવાબ આપવો એટલે ઊંધે મોઢે ખાળકૂંડીમાં ખાબકવા જેવું. એટલે મેં કોઈ અંબા-સેડર–હાઈકમિશનરની સિફતથી પૂછ્યું, 'ક્યું યુરોપ? ક્યાંનું પૂછો છો?' તો કિટી કિવક કહે, 'અરે, બબુઆ, લાહરી ન કર. યુરોપ તો એક જ છે, આટ્‌લાંટિકની પેલી પાર, મેડિટરેનિયન સાગરની ઉપર. જાણે ભૂગોળની ત્રણ ચોપડીયે ફાડી ન હોય એવી વાત કરે છે તું. કેમ જાણે ત્રણ-ચાર યુરોપ હોય! આ તો એમ કે તું ત્યાં કોઇને ઓળખતો હોય, તારું ત્યાં કોઈ સગું-સંબંધી હોય, તો અમે આજે રાતે જ યુરોપ જવા ઊપડીએ છીએ, તો ત્યાંથી પાછા ફરતાં તારા કોઈ ઓળખીતા-પાળખીતા હોય તો હલો કહેતા આવીએ, ખબરઅંતર પૂછતા આવીએ. તારા જેવા દોસ્તનું કામ કરતા આવીએ. અલબત્ત, જો અમને એટલો વખત રહેશે તો. જો; સાંભળ, અમે કંઈ જેવાતેવા મિશન પર નથી જતા, સમજ્યો! અને આ મિશન બહુ મહત્ત્વનું પણ હોઈ ખાનગી રાખવાનું છે. જો કોઈ જાણે તો તેની પાછળનો હેતુ ભોંયભેગો થઈ જાય. પણ જો એમાં પોબાર થયા તો, યાર, આપણા ઘર પર સોનાનાં નળિયાં ચડી જશે અને જિંદગીની ચાલ જ બદલાઈ જશે. આજ રાતે જ અમારી સવારી ઊપડે છે.'

યુરોપનું કોઈ સગુંવહાલું તો યાદ ક્યાંથી આવે? અને આવે તો યે એનું નામઠામ આ ત્રણ સિકંદરશાહોને જણાવાય પણ નહિ. કારણ આ ત્રણેની કીર્તિકથા વિચારતાં એ ત્યાં જઇને શુંનું શું વેતરી આવે એ કોઈ કહી શકે નહિ. એટલે મેં હસતું મોઢું બનાવી એ ત્રણેયને 'બોં વૉયેજ' કહી, દરિયો ન લાગે તેની કાળજી રાખવા સૂચના આપી, એમના ગુપ્ત મહાકાર્યમાં ફતેહ ઇચ્છી. હાથ મિલાવી એ ત્રણે ઊભા થયા ને વિદાય લીધી. અલબત્ત, વેઈટર, એ ત્રણેની મળી કુલ ચાર ડિશ સ્પેશિયલ સ્ટ્યૂ અને ચાર કપ 'જાવા' કૉફીનું બિલ લાવ્યો ત્યાં સુધી મારે તો હોટેલમાં રોકાવાનું જ હતું.

દરમિયાન મેં મનમાં ગોઠવવા માંડ્યું કે આ ત્રણેય જરૂર કોઈ સોદો પાર પાડવા જતા હશે. કાં તો સ્કૉચની બાટલીઓનો મોટો કબાડો કરવાનો હશે, કાં લાઈમ કૉર્ડીઅલના બાટલા લાવવાના હશે; અથવા હમણાંહમણાં જે ખૂબ ચાલ્યું છે તે મુજબ કશાકનું 'નો હાઉ' મેળવવા જતા હોય. એ 'નો હાઉ' એ ટુ ઝેડ–અથથી ઇતિ સુધીનું હોય, યા આ દેખીતી સરજતમાં આપણે ન જાણતા હોઇએ એવો કોઈ

ઇશ્વરરચ્યો ખૂણો હોય, એ જોવા જતા હોય. કદાચ ત્યાં સોનાના ગઠ્ઠા મળે તેમ હોય ને એ લઈ આવવા જતા હોય! આ ત્રણ એકઠા થઈ શું કરે તે કહી શકાય નહિ. મેં એમને એ વિષે કશું પૂછ્યું પણ નહિ, ને પૂછત તો મને તેમાં શો રસ હશે એમ વિચારી વહેમાય પણ ખરા.

એકાદ મહિનો વીતી ગયો આ વાતને, પછી એક દિવસ અચાનક કિટી અને ચીઝકેઈકનો બ્રોડવે પર ભેટો થઈ ગયો. મને જોતાં જ 'હલો' કરતાં મારી નજીક આવ્યા. 'કેમ, કેમનું ગયું યુરોપ? ક્યારે પાછા આવી ગયા?' મેં પૂછ્યું, અને કિટી ઘ કિવકે કટાણું મોં કરી જવાબ આપ્યો: 'છોડ યાર, વાતમાં કંઈ માલ નહોતો. ઊલમાંથી ચૂલમાં, શું? બારોટ ઠેરના ઠેર.' અને પછી ઉમેર્યું, 'હા, આવા સાહસ-પ્રવાસમાં જે અણધાર્યા અનુભવો થાય તે અમને થયા ખરા. તારે એ નોંધવું હોય તો કહીએ. પણ યુરોપના એક દેશના રાજાની હત્યા વિષે આમ જાહેર રસ્તા પર વાત કરવી એમાં જોખમ કરતાં કાચી બુદ્ધિનું પ્રમાણ વધારે ગણાય. ચાલ, આપણે પેલા વૉલ્ટેરના રેસ્ટોરાંમાં બેસીએ અને કૉફીના ઘૂંટડા ગળતાંગળતાં વાત કરીએ.'

ખિસ્સામાં હાથ ફેરવી લઈ મેં તેમનો પ્રસ્તાવ સ્વીકાર્યો ને અમે વૉલ્ટેરના રેસ્ટોરાંમાં જઈ એક ખાલી ખૂણો શોધીને બેઠા.

'જાણે થયું એવું કે,' કિટીએ વાત ચાલુ કરી, 'એક બહુ મોટો વકીલ મારે ત્યાં આવ્યો. મારે ત્યાં એટલે ફિલાડેલ્ફીઆ; અને ત્યાં કોઇએ એની સાથે મારી ઓળખાણ કરાવી. પછી મને કહે, 'બોલ, તમારે પૈસાદાર થવું છે? આપણી પાસે એ માટે એક સોલિડ યોજના છે. તમે તૈયાર તો અમે તૈયાર. યુરોપ જવાનું અને પાછા આવવાનું. રણશિંગું ત્યાં જ વગાડવાનું છે. તૈયાર હો તો ચાલો રિટ્ઝ કાર્લટન હોટેલમાં. ત્યાં એક જણ જોડે વાતો કરવાની છે.' મેં હા પાડી. પૈસાદાર થવું કોને ન ગમે, હેં? અને એવી વાતમાં કોઇને પૂછવાનું યે શાનું? એટલે વકીલની જ મોટરમાં અમે તો ઊપડ્યા કાર્લટન હોટેલમાં. ત્યાં એક 'કાઉન્ટ સારો' સાથે એણે ઓળખાણ કરાવી. કાઉન્ટને એણે મારી શક્તિની, આવડતની, કારીગરીની, એમ બધી વાતે ખાતરી આપી પાકો ભરોસો મૂકી મારી સાથે વાત કરવા કહ્યુ. અને સાથોસાથ એ પણ ઉમેર્યું કે મારા સિવાય બીજું કોઈ એવું કામ કરી નહિ શકે.

હવે મારે એ કાઉન્ટ સારોને સાંભળવાનો હતો. કદમાં બટકો, આંખનાં ભવાં જેટલી મૂછો, સળીદાર પાટલૂન અને એવો જ કોટ તથા એક આંખે મોનોકલ. ટૂંકમાં એ કાણિયા ઉમરાવજાદાએ બીજી કશી લાંબીટૂંકી કર્યા વિના મુદ્દાની વાત કરવા માંડી. મને કહે: યુરોપમાં એક નાનકડો દેશ છે. ત્યાં એક રાજાનું રાજ છે. યુરોપમાં હવે રાજાઓ રાજ કરે એ જૂનવાણી ફેશન થઈ ગઈ છે. હું પોતે ઉમરાવ કુટુંબનો હોવા છતાં રાજ્યની રાજકીય પાર્ટીનો વડો છું. અમારી પાર્ટીએ આ રાજાનો નિકાલ કરી નાખવાનો નિર્ણય કર્યો છે. આ કામ માટે એક, બે કે ત્રણચાર જણે યુરોપ જવાનું. પાર્ટીએ સોંપેલું કામ વહેલી તકે પતાવવાનું અને તુરત અહીં પાછા આવતા રહેવાનું. જવાઆવવાના ખર્ચની રકમ આ તૈયાર છે. કામ પાર પાડીને પાછા આવ્યા બાદ તુરત આ વકીલસાહેબ મહેનતાણું ચૂકવી દેશે. એ મહેનતાણાની રકમ એમની સાથે સમજી લેવાની. હવે તમે બોલો, કબૂલ? કે નાકબૂલ?

યાર, મારી તો અક્કલ ચાલતી થંભી ગઈ! આપણે અહીં ભલ-ભલાનાં કોઠમડાં પાડી દઇએ, પણ રાજાનું ભોડું ખેરવી દેવાની વાત તો આ પહેલી જ વાર સાંભળી. એટલે હું તો જરા ખમચાઈ ગયો. વળી, અહીંનાં ઢોબરાં ઉલાળી નાખતાં વાર ન લાગે, પણ આ તો રાજા! કેટલી હોહા મચી જાય. છાપાંવાળા યે આવો માવો-મલિદો શોધતા જ હોય. એમાં પાછું ફોટાફોટી છાપે, ઓળખાય કે ન ઓળખાય તેની પરવા કર્યા વિના તેની નીચે નામો યે છાપે. અને આમાં ક્યાંક આપણું યે નામ ઝળકે એટલે પતી ગયું. સરવાળે અલ્લાયો. આ તો અંધારું તડકે નાખવા જેવી વાત લાગી.

પણ કાઉન્ટ સારોએ મારી બધી શંકાઓના સમજાય તેવા લાંબા વિગતવાર જવાબો આપ્યા. કહે: 'અમારું રાજ કોડિયા જેવડું. યુરોપના એક આવેના ખૂણામાં. જવા-આવવા માટે એક જ ધોરી માર્ગ છે. એ રસ્તા ઉપર તારની જે વાડ છે તેને અમારી પોલિટિકલ પાર્ટી સંભાળી લેશે એટલે રાજની હદમાં પેસવાનો કોઈ સવાલ નહિ રહે. તમારા આવવા-જવાની જાણ પણ કોઇને નહિ થાય. કામના સમય પહેલાં અર્ધા કલાક અગાઉથી અને તે પછી યે લાંબા સમય સુધી એ રસ્તા પરનો સંપૂર્ણ કબજો પાર્ટીના હાથમાં રહેશે, એટલે હોહા થવાની કશી જ ચિંતા રાખવાની નહિ. વળી, એણે કહ્યુ કે રાજમાં કોઈ છાપું જ નથી નીકળતું એટલે ફોટાબોટાની યે ફિકર રાખવાની નહિ. ત્યાં જે છાપાં આવે છે એ બહારથી આવે છે. એના ઢગલેઢગલા પ્રજા ભલેને વાંચે, અમારા રાજના કોઈ ખબર તેમાં આવે ત્યારે ને? એટલે તમારી સામે ત્યાં કોઈ નાનું ચકલું યે ચીંચીં નહિ કરે કે બતકડાં ડોક ઊંચકી નહિ જુએ. આવી બધી જવાબદારી અમારી, તમારે તો ફક્ત રાજાને પતાવવાનો. બોલો, કબૂલ? કે નાકબૂલ?'

આ બધું સાંભળ્યા પછી મેં એક અગત્યનો સવાલ પૂછી જોયો: સારી એવી રકમ ખર્ચીને તમે આ કામ બહારના માણસ પાસે કરાવો છો તેના બદલે તમારા એ નાનકડા દેશમાંથી જ કોઈ જુવાનિયાનો ઉપયોગ કેમ નથી કરતા?' તો કાઉન્ટ સારો શંકાનું નિવારણ કરે છે: 'આવાં કામ પાર પાડવા માટે જરૂરી સ્વસ્થતા, કાળજી, કુનેહ અને અનુભવ જોઇએ તે અમારા દેશમાં કોઇની પાસે નથી. માત્ર પૈસા ખરચવાથી આવાં કામ પાર નથી ઉતારાતાં, એ માટે તો છાતીધડો ને અનુભવી માણસ પણ જોઇએ. વળી, અમારા દેશનો જ માણસ હોય તો વાત છાની ન રહે, અને એમાં તો આંતરરાષ્ટ્રીય જોખમ. અનેક પ્રદેશના લોકો પેઢીઓનો નાતો કાઢી રાજાનાં સગાંવહાલાં હોવાનો દાવો કરી રાજમાં ઘૂસી જાય. બહારના માણસને કામ સોંપીએ તો કોણ આવ્યો અને ગયો કંઈ ખબર જ પડે નહિ, ક્યાંનો વતની ને શું નામઠામ એ શોધ્યા જ કરો, આ વિશાળ પૃથ્વીમાં ક્યાંય સમાઈ જાય. વળી, અમારા રાજા પાસે ઝવેરાત પણ હશે જ, અરે હશે શું, છે જ, અને એમાં અમેરિકાને રસ. એમ કહેવાશે કે કોઈ અમેરિકનો ઝવેરાત લૂટવા રાજમહેલમાં ઘૂસેલા, એમાં અકસ્માત રાજા માર્યા ગયા. બસ કામ પૂરું. આમાં આંતરરાષ્ટ્રીય સવાલો સળગે નહિ અને તમારા દેશમાં તો આવા બનાવ રોજના હોઈ કોઈ ખાસ રસ નહિ લે. અને આમ, અહીં કોઈ તમને પૂછે ય નહિ કે ક્યાં ગયા હતા. અને હા, રાજમહેલમાં દાખલ થવા માટે ત્યાં કોઈ તમારી પૂછતાછ ન કરે એ અંગે બધી તકેદારી-તૈયારીનાં પગલાં અમે લઈશું. પણ મહેરબાની કરી રાજાના હીરામાણેક પર દાનત બગાડશો નહિ. કારણ એના જોર પર તો અમારી પાર્ટીના રાજનો મદાર છે, એટલે આ વાત ધ્યાનમાં રાખવી. હવે બોલો, કબૂલ? કે નાકબૂલ?' અને એટલું કહ્યા પછી એણે નોટોનો એક મોટો થોકડો મારી સામે ટેબલ પર ફેંક્યો.

એટલે છેવટની શંકા રજૂ કરતાં મેં પૂછ્યું: 'કાઉન્ટ સારો, ધારો કે આ રકમ લઇને હું રફુચક્કર થઈ જાઉં તો? તમે તો હાથ ઘસતા જ બેસી રહોને? શું કરો?' તો જમાનાનો ખાધેલ એ ઉમરાવનો બચ્ચો કહે છે: 'થવાય તો થઈ જજો. આ વકીલસાહેબ તો તમને ઓળખે જ છે, એ જામીન. એના ભરોસે અમે તમને કામ સોંપીએ છીએ. તમે છટકી જાઓ તો એની જિંદગી જોખમમાં, એટલે પૃથ્વીને તળિયેથી કે આકાશને માળિયેથી યે એણે તમને શોધી લાવવા જ પડે. અને આ રકમ, આ નોટ તમે જ્યાં વટાવવા જાઓ ત્યાં હાથમાં બેડી પહેરાવી

દે. મોટી રકમની નોટો...અને...અને...પણ એ બધી અમારી ગત તમને કહેવાની શી જરૂર? અમે તો હાલ તમને ધંધાદારી પ્રામાણિક માણસ માનીએ છીએ. પછીની વાત પછી. વિશ્વાસભંગની સજા હમેશાં આકરી હોય છે એ તો તમે યે સમજો એમ છો. હવે બોલો, કબૂલ? કે નાકબૂલ?

'મને વિચાર આવ્યો કે વારે ઘડીએ બૅંકો તોડવી, ગજવામાંની 'ટ્રાંક્વિલાઈઝર'નો ઉપયોગ કરી લોકોને કાયમ માટે ઉંઘાડી દેવા; મારા પેલા દોસ્ત જોજોને તો વળી વારંવાર શહેર છોડી ભાગવું પડે, જો કે એને તો પબ્લિક બહુ ગમે, કારણ રોટલો રળવાનો, બે ટકા કમાવાના એ તો પબ્લિક પાસેથી જ ને? છતાં લોકો એને પબ્લિકનો દુશ્મન કહે, અમારા માટે જાતજાતની અફવાઓ ઊડે એ બધાં કરતાં આ એક વાર ગજવામાંથી 'ફટાકડી' કાઢી ચાંપ દાબી કે બસ. રાજમહેલમાં મોટા દાગીના ને મોંઘા ઝવેરાતને છાંડી દઇએ તો યે મહેલ એટલે મહેલ. ભલેને રાજો કમાતો ન હોય તો ય રૈયતે એને કંઈકંઈ ભેટ તો આપી જ હોય, એટલે આડાઅવળા ખૂણેખાંચરેથી યે કંઈનું કંઈ તો મળી જ રહેશે. આમ એક તડાકે ભવની ભાવટ ભાંગતી હોય તો આ સોદો ખોટો તો નહિ જ.

મેં કાઉન્ટ સારો સાથે હસીને નમીને હાથ મિલાવ્યો અને મારે બીજા બે સાથીઓ જોઇશે તે જણાવી યુરોપ જવાઆવવાનું ભાડું, વાટખર્ચી, હોટેલમાં ઉતારાના આંકડા, અરસપરસ જવાબદારીની શરતો-કલમો વગેરે વિચારીને ફાઇનલ જવાબ આપવા માટે મુદત લઈ નીકળી પડયો. પહેલાં તો ઈઝી ચીઝકેઈક અને જોજોની તલાશ આદરી. ઈધરબિધરથી એમને હાથ કરી એમની સાથે બેસીને બધાં ખર્ચનો એસ્ટિમેટ કાઢયો, તેમાં નફાનો હિસ્સો ઉમેર્યો, આખો દાવ પૂરો થયે કોને કેટલી રકમ મળે તેની લેખ-નકલો કરી અને ત્રણે યે કાઉન્ટને મળી અહીંથી ઊપડવાની તારીખ, ત્યાં પહોંચવાની તારીખ, કામ પતાવવાની તારીખ, પાછા વળવાની તારીખ વગેરેવગેરેનો ઘડીપળ સુધીનો પ્લાન ગોઠવી તેની નોંધ કરી, તેની સમજ પડે તેવી નકલ વકીલને આપી, અમારા ત્રણેયના ગજવામાં કેટલી રકમ ભરાય તે તથા તારીખ વાર સમય સાથે મનોરંજન ખર્ચ સુધ્ધાં નક્કી કરી જવાની તૈયારીમાં પડયા. યુરોપના કયા બંદરે અમારે લાંગરવાનું, ત્યાં મુલકમાં કઈ દિશામાં કયા ખૂણે હંકારવાનું અને કાઉન્ટ ક્યાં અને કઈ રીતે મળે વગેરે બધી વિગતોની લેખ-નકલો વકીલને સોંપી. જો કે એ નકલની જબાન, મારા સમ જો અમારા ત્રણ સિવાય કોઈ સમજી શકે તો! આમ બધો ઘાટ ગોઠવાઈ ગયો.

આ પછી કિટીએ ફરીથી જાવાના ત્રણ કપનો ઑર્ડર આપ્યો. મેં ફરીથી ગજવામાં હાથ ફેરવી લીધો, હજી જો કે વાંધો આવે તેમ નહોતું એવું લાગ્યું એટલે ફરી મેં કિટીની દાસ્તાન સાંભળવા કાન સરવા કરી ટેબલ પર ઝુકાવ્યું. કિટીએ એનું દાસ્તાન આગળ ચલાવ્યું:

'અમે યુરોપ પહોંચ્યા. ત્યાં કાઉન્ટ સારો જેવો જ એક બેરન વૉન ટર્પ ભેટયો. એ જ ઘાટ, એવાં જ કપડાં, બધું કાઉન્ટ સારો જેવું જ, અરે એની યે એક આંખ ઉપર મોનોકલ. મને થયું કે માળા આ દેશમાં બધા કાણિયા જ પેદા થાય છે કે શું! કદાચ રાજા કાણિયો નહિ હોય, અને કદાચ એટલે જ એ રાજા હોય તો નવાઈ નહિ. સ્ટીમરમાંથી ઊતરીને ટ્રેનમાં, ટ્રેનમાંથી ઓટોમોબાઇલમાં, ઓટોમોબાઇલમાંથી ફરી ટ્રેનમાં અને ટ્રેનમાંથી આખરે એક મોટી મોટરગાડીમાં અમે કેટલાય કલાકો પછી એક મોટા હાઇવે પરથી નાના હાઇવે પર ને પછી એક આડી ફંટાતી સાંકડી સડક પર થઇને જ્યાં અમને ઉતારો આપવામાં આવેલો તે હોટેલ પર પહોંચ્યા. અહીં અમને ત્રણેને અલગઅલગ રૂમ આપેલો. અસલ વીઆઈપી ટ્રીટમેન્ટ. ચોથો એક રૂમ અમારી મસલતો માટે ખાસ. હોટેલના એ માળ ઉપર અમારા ત્રણ સિવાય કોઈ જ નહિ. ચા-કૉફી નાસ્તા ડીનર માટે નીચેના માળે ખાસ સગવડ. માગીએ તો અમારી રૂમમાં પણ ચા-નાસ્તો પહોંચાડવામાં આવે. અમે ત્યાં રહીએ ત્યાં સુધી બીજા ઘરાકો-મહેમાનો-પૅસેન્જરો કોઇને પણ આવવાની છૂટ નહિ.

હાથમોં ધોઈ અમે પરવાર્યા ત્યાં બેરનસાહેબ આવ્યા. બેરન પહેરે એવી મોટી ટોપી માથા પરથી ઉતારી ટેબલ પર મૂકી અને પાકીટમાંથી ઈંચ બાય ઈંચની વિગતોવાળો ખાસ તૈયાર કરેલો નકશો કાઢી અમને બતાવ્યો: 'આ હોટેલ. ત્યાંથી આ રસ્તો સીધો અર્ધો માઈલ દૂર ગામ સુધી જાય છે. ગામને અડીને આ બીજો રસ્તો નજીકના રાજમહેલ સુધી, અહીં બાગ, અહીં ચોકી, આ એક મોટું ઝાડ, આ દરવાજો. અહીં આવો, જુઓ આ હોટેલના બારણામાં છે તેવો પણ આનાથી અઢી ગણો મોટો પિત્તળના ગલગોટા જેવો નૉબ એ દરવાજામાં છે. તેને આમ મરડવો, આમ ફેરવવો અને પછી ધક્કો મારશો એટલે દરવાજો ખૂલી જશે. સામે દાદર આ નકશામાં બતાવ્યા પ્રમાણે, ત્યાં કદાચ એક પહેરેગીર હશે. બરાબર નવને ટકોરે બધા જમવા જશે. કિંગ કહેતાં રાજા આઠ વાગ્યે જમી લેશે. એ ગાળામાં બીજે ક્યાંય પહેરેગીર નહિ હોય, એટલે નવથી સવા નવની વચ્ચે તમારે કામ પતાવી દઈ, નીચે આવી બહાર મોટર તૈયાર હશે તેમાં અહીં આવી જવું. અહીંથી પછી દસ જ મિનિટમાં આ આવ્યા તે રસ્તે ઊપડી જવું. આ જગ્યાએ તમને ટ્રેન મળશે. તેમાં સામાન્ય ડબામાં સામાન્ય પૅસેન્જરો જેમ ઊપડી આ સ્ટેશને...

'અચ્છા, અચ્છા. અમને આ ભૂગોળમાં બહુ રસ નથી.' મેં કહ્યું, 'રસ્તાનાં નામો ય અમને યાદ નથી રહેતાં. આ બધું અમારી લાઈન બહારનું છે. આપણે આગળ વાત ચલાવો. હવે આ બાજુ સામે વાડીમાં આપણા ઈઝીએ બેત્રણ કૂતરાં અને મરઘાં ફરતાં જોયાં. મને કહે કે મારી ઓટોમેટિક રોલ્કોને એના પર અજમાવી પ્રેક્ટિસ કરી લઉં. પણ એ સાંભળતાં જ બેરન ટર્પે એને વાર્યો. એણે કહ્યું કે એથી નાહક કોઈનું ધ્યાન દોરાશે; અને અમે યે એવા નાના અક્કલ વગરના ખેલ કરવાની વાત જતી કરી. અંતે અમે બેરન વૉન ટર્પે આપેલા નકશા ઉપરથી અમારા કામ પૂરતો ડાયફ્રાગ્રામ પાડી લીધો.

'ડાયાગ્રામ, ડાયફ્રાગ્રામ નહિ.' મેં આટલી ભૂલ સુધારી ત્યાં તો મારી વાત કાપી નાખતાં કિટી બોલી ઊઠયો: 'હવે જે હોય તે, પણ તું યાર વચ્ચે ન બોલ. મારી વાતનો દોર છટકી જાય છે.' અને પછી એણે આગળ ચલાવ્યું:

અને પછી એ ડાયાગ્રામ ગજવામાં ઘાલી અમે બરાબર નવમાં દસ કમે એક મોટી મોટરમાં ઊપડયા. નવ વાગ્યે રાજમહેલના ઝાંપે. મોટર હાંકનાર ભારે કાઠી જેવો, મોટી મૂછોવાળો, માથે મોટું ટોપસું. અને હા, એની એક આંખ પર મોનોકલ નહોતું. અંગ્રેજી કે એવી બીજી આપણી કોઈ સિવિલાઝ્ડ ભાષા એ જાણતો નહોતો. અમને એણે મહેલના ઝાંપા પાસે એક મોટા ઝાડ નીચે ખડા કરી દીધા.

આ પેલેસ એટલે કે રાજમહેલ ખરું પૂછો તો બંગલાની નાતમાં ઘણી નાની પેટા જાતિના ચોખંડા ઘાટનો. ચાર પગથિયાં ચડી એના એટલે ડાયફ્રાગ્રામ પ્રમાણેના બારણા સામે જઈ પહોંચ્યા. પેલો પિત્તળ-નો ગલગોટો જમણી તરફ ફેરવ્યો, પુશ્ડ, અને અંદર દાખલ. સામે જ દાદર. ચારે તરફ નજર રાખતા ઉપર ચડયા. કોઈ ટેંટરુ-પેંટરું નજરે ચઢયું નહિ. ઉપર પહોંચ્યા. ત્યાં ભીંત ઉપર તલવારો, બેપાંચ જાતની ઢાલો, દસપંદર ભાલા અને જૂનાંપુરાણાં બખ્તરો. એ મ્યૂઝિયમ પર નજર નાખી અમે અમારો ડાયફ્રાગ્રામ કાઢી જોયું, બાજુમાં એક બા-રણું હોવું જોઇએ, એ હતું, બંધ હતું. અમે એ ખોલીએ તે પહેલાં એ

તારાઓનું સ્વજાતિભક્ષણ

આકાશના ઉત્તર ગોળાર્ધમાં 'હંસ' તારામંડળ (Cygnus) ની પાસે વીણા (Lyra) નામનું નાનકડું તારામંડળ છે. એમાંના સૌથી વધુ ચળકતા 'અભિજિત' (Vega) નામના એક તારા ઉપરાંત બીજા પાંચ ઝાંખા તારા દેખાય છે. એ પૈકીના ચાર તારાથી રચાતા સુંદર ચતુષ્કોણમાં એક તારો 'શૌરિ મંડળ' (Hercules) તરફ આવેલો છે, જેને 'બીટા-લાયેરિ' (અથવા Beta Sheliak) કહે છે. આ તારો રૂપ-વિકારી છે. આપણે જાણીએ છીએ કે જે તારાઓના તેજમાં, સમય સમયને આંતરે તેજની વધઘટ થતી રહે છે તેમને રૂપવિકારી તારા (Variable stars) કહે છે. આ તારાનો રૂપવિકાર સમય આશરે ૧૩ દિવસનો છે. આના રૂપવિકારનું કારણ તેનો રહસ્યમય સાથીતારો છે. જેના દ્વારા એનું નિયમિત ગ્રહણ થયા કરે છે. બે તારા ગુરુત્વાકર્ષણને કારણે પાસે રહીને એકમેકની પરિક્મ્મા કરે તેમને યુગ્મ તારા (Binary Star) કહેવાય છે. સાથી તારાને કારણે થતા રૂપવિકારના પ્રકારને ગ્રહણકારી, અને આવા તારાને ગ્રહણકારી યુગ્મતારા (eclipsing binary) કહે છે. વીણા તારામંડળનો આ તારો આ પ્રકારનો હોવાનું મનાય છે. આ તારાનો સાથીતારો ઠંડો તારો છે. જ્યારે મુખ્ય તારો અતિ તપ્ત છે. આ બંને તારાઓ એટલા બધા નિકટ છે કે બંનેમાં દ્રવ્યની આપ-લે થયા કરે છે, જેને પરિણામે બંને વચ્ચે મોટું વાયુવર્તુળ રચાય છે. ઠંડા-ગરમ તારાની આ જોડી અને એમની વચ્ચે ચાલ્યા કરતી દ્રવ્યની હેરાફેરી ખગોળશાસ્ત્રીઓને સંશોધનનો મસાલો પૂરો પાડવા ઉપરાંત મનોરંજન પણ આપી રહે છે! આશ્ચર્યની વાત એ છે કે આવી જોડી આ એકલી નથી, બલ્કે આવી ખાસિયત ધરાવતા અન્ય કેટલાક યુગ્મ-તારા અંગે પણ ખગોળજ્ઞો સુવિદિત છે.

તાજેતરમાં યુનિવર્સિટી ઑફ ટેક્સાસની મૅક્ ડૉનાલ્ડ વેધશાળાના ખગોળશાસ્ત્રીઓએ આવો એક અન્ય યુગ્મ-તારો શોધી કાઢ્યો છે, જેને 'G-61-29' એવું નામ અપાયું છે, આ બંને તારાઓની કક્ષા એટલી તો પાસે-પાસે છે કે એક તારાના બાહ્ય-આવરણના તો છોડિયાં પણ ઊખડતા દેખી શકાય છે!

આ તારા અતિશય પુરાણા (જૈફ) એવા શ્વેત વામન (white dwarf) માનવામાં આવે છે. આ શ્વેત-વામન તારાઓનું નાભિકીય બળતણ ખતમ થઈ ચૂકેલું હોય છે અને પરિણામે કદમાં સંકોચાઈને એ નાના થઈ ગએલા હોવાનું મનાય છે. આ બંને તારાઓ દર ૪૬.૫ મિનિટે એકમેકની પરિક્મ્મા પૂરી કરે છે. આમાંનો પ્રત્યેક તારો પૃથ્વી કરતાં લાખો ગણું દ્રવ્યમાન (Mass) ધરાવે છે.

અત્યંત વિરાટ તારાનું બળતણ ખતમ થઈ જતાં એ અંદરની તરફ સંકોચાતો જાય છે. એનું મૂળ દળ તો એટલું જ રહે છે, પણ કદ નાનું થતું જાય છે. આખરે એ કદ એટલી હદે સંકોચાઈ જાય છે કે એનો પલાયન વેગ (escape velocity) પ્રકાશના વેગ કરતાં પણ વધી જાય છે; પરિણામે એમાંથી પ્રકાશના કિરણો સુધ્ધાં બહાર નીકળી શકતા નથી. આ સંકોચાએલા તારાને 'કૉલેપ્સાર' (Collapsar) કહેવાય છે, અને એ પોતે તથા એની આસપાસનો અવકાશી વિસ્તાર અદૃશ્ય બની જાય છે, એટલે આવા પિંડને ને એની ચોપાસના અવકાશી વિસ્તારને 'બ્લૅક હોલ' (Black Hole) પણ કહે છે. આઈન્સ્ટાઈનના સાપેક્ષતાના સામાન્ય વાદ મુજબ પણ બ્લૅક હોલની વ્યાખ્યા કરી શકાય.* બ્લૅક હોલ હજુ સુધી તો શોધાયાં નથી. એક માન્યતા મુજબ આવા પિંડ યુગ્મ-તારા જેવી કોઈ તારા-વ્યવસ્થામાં સંભવી શકે. પણ આપણે અહીં જે યુગ્મ-તારાની વાત કરીએ છીએ તે પૈકી એક તારો નાનો છે. ભારે વજનદાર પણ છે, પરંતુ એ 'અદૃશ્ય' નથી, બલ્કે જોઈ શકાય છે.

ખૂલ્યું અને તેમાંથી ચાસ-બૅન્ડવાળા જેવો યુનિફૉર્મધારી પહેરેગીર બહાર આવ્યો. એ કંઈ બોલે એ પહેલાં તો એણે એક અસલ સરકારી સલામ ઠોકી ને પછી બોલવા માટે મોં ખોલે તે પહેલાં તો ઈઝીના થનગનતા હાથમાંની રિવૉલ્વરનો જાડો દસ્તો એના ઢીમચા પર પાછળ ગરદનની ઉપરના ભાગમાં એવો તો ઝિંકાઈ ગયો કે આંખના ડોળા ચકળવકળ કરતો એ પડ્યો. પણ જમીન સુધી પહોંચીને એ અવાજ કરે એ પહેલાં અમે એને ઝીલી લીધો. સાથે રાખેલો કાપડનો ડૂચો મોંમાં ઠાંસી દીધો અને એના બંને હાથ પર દોરી વીંટી દઈ એવી કચ-કચાવીને ગાંઠો મારી દીધી કે ત્યાંનું કોઈ ભૂત કે પલીત આવે તો એના યે દાંત કે હાથથી એ ન છૂટે. પછી એ માણસના પોટલા જેવા શરીરને બારણાની પાસે જ સમાધિમાં બેસારી દીધું. પછી જોનેએ ડાયફ્રાગ્રામ પ્રમાણે રાજાના શયનખંડનું બારણું શોધી કાઢીને ખોલ્યું...

'ડાયાગ્રામ પ્રમાણે.'

'શું યાર, વળી વચ્ચે બોલ્યો.' કિટી ફરી ચિડાયો, પણ વાત આગળ જારી રાખી; 'આ ઓરડો ઠીકઠીક મોટો હતો. સોનેરી ગિલિટ-વાળું ફર્નિચર અને બીજું બધું. બેડરૂમ કરતાં એ બાળમંદિરનો એક ભાગ, કે નર્સરીરૂમમાંથી જરા પુખ્ત ઉંમરના છોકરાં માટેની રમત-ગમતનો, અથવા કાચા અભ્યાસને પાકા અભ્યાસમાં ફેરવવાના રૂમ જેવો વધુ લાગતો હતો. અને ત્યાં 'ગાયઝ' (પુરુષ)માં કોઈ નહિ. એકમાત્ર નાઈસ લૂકિંગ ડૉલ ખુરશી પર બેઠીબેઠી સાતઆઠ વર્ષના એક બાળકને નર્સરી ટેઈલ – મે બી ઈસપ, મે બી હાન્સ ઍન્ડરસનની ફેરીટેઈલ વાંચી સંભળાવતી હતી. રાજા તો કોઈ દેખાયો નહિ.'

'તે તમને ગ્રિમ, ઍન્ડરસન અને ઈસપની વાર્તાઓની જાણકારી છે ખરી? બહુ સરસ!' મારાથી બોલ્યા સિવાય ન રહેવાયું.

'અમારી જાણે બલારાત!' કિટીએ જવાબ આપતાં કહ્યુ, 'આ તો પેલા જોનેએ આમતેમ ફરતાં રાજાના બેડરૂમમાંથી સૌની નજર ચુકાવી જે હાથ મારેલો એમાં આવી ચારપાંચ નાનકડી ચોપડીઓનો એક સેટ પણ હતો. મેં પછી એને પૂછેલું કે આ સાહિત્ય પર કેમ હાથ માર્યો? તો કહે: એણે આવડી ટચૂકડી છતાં આવી સુંદર છપાઈ અને ચિત્રો-વાળી ચોપડી પહેલી જ વાર જોઈ હતી એટલે ઉપાડી લેવાની લાલચ થઈ ગઈ. જો કે અહીંની બધી સીનસિનેરી જોઈને તો હું યે વિચારમાં પડી ગયો. આવા રૂમમાં કોઈ રાજા સૂવેબૂવે નહિ એમ તો મને યે લાગ્યું. ક્યાંક કંઈક આડું વેતરાઈ ગયું લાગે છે એમ સમજી અમે જરા ભોંઠા પડી ગયા. એમ તો પેલી ડૉલ પણ અમને જોઈ પ્રથમ તો હેબતાઈ ગઈ અને કંઈ બોલી તો ખરી પણ એની જીભ થોથવાતી હતી તે કંઈ સમ-જાયું નહિ. પણ પેલા બાળકમાંથી કિશોર બની રહેલા, ગૂંચળિયા વાળવાળા, દેખાવડા ચબરાક છોકરાએ આપણી જેવા શુદ્ધ અંગ્રેજીમાં પૂછ્યું, 'તમે કોણ છો?'

'હવે આ સવાલ તો કાયદેસરનો અને કોઈ પણ અજાણ્યા દાગીના સાથે સંવાદ શરૂ કરવાની લાયકાતવાળો હતો, પણ એ ઘડીએ અમારી ખરી ઓળખ આપવાનો સમય ક્યાં હતો? એટલે મેં જ કહ્યુ, અમે તો જે છીએ તે, પણ અમને કહો કે રાજા ક્યાં છે? અમારે રાજાનું કામ છે.


'તો પેલો ટેણકો પથારીમાં બેઠા થતાં કહે: 'રાજા? જ રાજા છું. શું કામ છે તમારે? આઈ એમ ધ કિંગ.'

'ભઈ આ સાંભળી અમે તો ગૂંચવાયા. અમારા પ્રસ્થાપિત ખયાલો પ્રમાણે રાજાના ઘાટઘૂટમાં આ છોકરો બંધબેસતો નહોતો. રાજા તો મોટો પીઢ ઉંમરનો, પડછંદ અને દમામદાર હોય, અને અહીં તો આ છોકરો પોતાને રાજા ગણાવે છે, આવું તો ન જ હોય. અમને લાગ્યું કે

એ અર્થમાં એ બ્લૅક હોલ તો હરગીજ નથી જ. આ વજનદાર તારો, એના સાથી તારાને પોતાના ગુરુત્વાકર્ષણથી જેમ ડુંગળીનાં પડ એક પછી એક ઊખડે એમ ઉકેલતો જાય છે. આમ થવાથી એ ઊખડતા જતા તારાની અંદરનું રહસ્ય સૌપ્રથમ વાર છતું થતું જાય છે. તારાની અંદર ડોકિયું કરવાનો અવસર આ અગાઉ કદી આવ્યો નથી. એક વૈજ્ઞાનિક તો આ ઘટનાને 'વૈશ્વિક શબછેદન' (Cosmic Autopsy) કહે છે કારણ કે એથી તારાની અંદરનો ભાગ સીધેસીધો દૃષ્ટિગોચર થાય છે.

દ્રૌપદીના વસ્ત્રાહરણ જેમ આ તારાના એક પછી એક છૂટા પડતા જતા દ્રવ્યના સ્તરના પૃથક્કરણથી એક પ્રચલિત સિદ્ધાંતને પુષ્ટિ મળી છે. આપણે ઉપર જોયું તેમ આ તારા શ્વેત-વામન પ્રકારના છે. આવા શ્વેત-વામનના ગર્ભમાં મોટે ભાગે શુદ્ધ હિલિયમ વાયુસ્વરૂપે હોવાનું મનાતું હતું. તારાઓની ભઠ્ઠીમાં બળતણ પૂરું પાડતી નાભિકીય સંલગ્ન (Nuclear fusion) પ્રક્રિયાને અંતે આડપેદાશ રૂપે કાંઈ નીપજતું હોય તો તે છે હિલિયમ, અને તે પણ અત્યંત શુદ્ધ. પણ આની કોઈ જડબેસલાક સાબિતી ન હતી. છૂટા પડતા દ્રવ્યના પૃથક્કરણે બતાવી આપ્યું કે આ તારાઓમાં એટલે કે શ્વેત-વામનમાં હિલિયમનું પ્રમાણ સારું એવું હોય છે. આમ શ્વેત-વામનમાં હિલિયમ હોવા અંગેની અત્યાર સુધીની માત્ર સૈદ્ધાંતિક માન્યતાને આ સંશોધને પ્રાયોગિક સમર્થન પૂરું પાડ્યું છે.

આ ક્રિયાથી ઊખડતા સ્તર, અને પરિણામે બહાર પડતા દ્રવ્યનું શું થતું હશે? આ બંને તારાઓનું ભવિષ્ય શું? આવા અનેક પ્રશ્નો અને એના સંભવિત ઉત્તરો પણ વૈજ્ઞાનિકોએ વિચારવા માંડ્યા છે. વૈજ્ઞાનિકો કહે છે કે કેટલુંક દ્રવ્ય તો સાથી-તારો જ ખાઈ જતો હશે, જ્યારે બાકીનું દ્રવ્ય અવકાશમાં ફંગોળાઇ જતું હશે. દ્રવ્ય શોષતો



△ યુગ્મ તારામાંના મુખ્ય તારામાંથી દ્રવ્ય શોષી લેતો તેનો નાનો પણ વધુ ઘટ્ટ સાથી તારો.

તારો મોટો ને મોટો થતો જશે અને એનો ઝગમગાટ પણ સાથોસાથ વધતો જશે. આખરે દ્રવ્યનો પુરવઠો ખોટવાશે, અને બચશે માત્ર હિલિયમના વિરાટ વાયુવાદળો. અને જો અવકાશમાં ફંગોળાએલું દ્રવ્ય અને બીજું કેટલુંક આંતરતારકીય દ્રવ્ય એકત્રિત થતાં સઘન થશે તો સંભવ છે કે નવા ગ્રહો, તારા વગેરે ધરાવતી કોઇ નવી સૃષ્ટિનું સર્જન પણ એમાંથી થાય!

સુશ્રુત પટેલ

* જુઓ આજ લેખકનો 'બ્લૅક હોલ્સ' ઉપરનો એક વિસ્તૃત લેખ, 'કુમાર' અંક ૫૮૬, ઑક્ટોબર ૧૯૭૨.

કદાચ પેલા કાઉન્ટ સારોએ અમારી મજાક ઉડાવી હશે! અલ્યા, આવો આ ટેણકો જો રાજા હોય તો એને ઢાળી દેવો એ તો ચપટીમાં મસળી નાખવા જેવી વાત હતી, એમાં અમારી મોટાઈ પણ શી? અંતે પેલી ગોરીગટાક પોટ્રીને પૂછ્યું: જુઓ માદામ, અમે ત્રણેય ભારે ઉતાવળમાં છીએ એટલે અત્યારે મજાક સહી શકીએ તેવી સ્થિતિમાં નથી, માટે અમને તુરત કહો કે રાજાજી ક્યાં છે, વ્હેર ઈઝ ધ કિંગ?

'જુઓ સજ્જનો! આ જ રાજાજી છે, અને હું એમની દેખભાળ રાખનારી ગવર્નેસ છું. આપ અહીં શી રીતે દાખલ થયા? બહારના રખેવાળે રોક્યા નહિ? અને આપને શું જોઇએ છે?

'બાનુ, આ બાળક રાજા હશે, હોય. પણ અમારે તો મોટા રાજાનું કામ છે. મોટા પીઢ, રાજ્યની બધી સત્તા જેને હસ્તક છે એ રાજા-મહારાજા – ધ કિંગનું.'

'તમે ભલે ન માનો પણ આ છે તે જ અમારા મહારાજા–ધ કિંગ છે.' પોટ્રીએ આ કહ્યું ત્યાં તો પેલા ટેણકુએ વાતનો દોર પકડી છટાપૂર્વક કહેવા માંડ્યું: હું જ રાજા છું, મારા પિતાનું બે વર્ષ પહેલાં અવસાન થયું પછી હું ગાદી પર આવ્યો છું. આ મિસ પીબોડી છે. એ અંગ્રેજ છે. તમે ત્રણ પણ અંગ્રેજ છો? અને તમારામાં આ વિચિત્ર દેખાવની વ્યક્તિ કોણ છે?

'મારા મનમાં થયું કે ભલે નાનો, પણ આ તો રાઇનો દાણો દેખું. ભલે ટેણકુ લાગે પણ લખ્ખણ બધા રાજા જેવા તો ખરા. એણે જોજોને પારખી લીધો. એનો ચહેરો વિચિત્ર લાગે ખરો, પણ એનું વર્તન પણ એવું જ. પણ એ સત્ય તો ત્યાં કેમ કબુલાય? પણ એટલામાં તો આ ઇઝી ચીઝકેઈક ફીલ્ડિંગમાં કૂદી પડ્યો. પણ જોજોએ યે કતરાતો અમળાતો બૉલ ઝીંક્યો. ઇઝી કહે: અલ્યા અમે તો અહીં રાજાનું કાસળ કાઢવા આવ્યા, અને અહીં તો આ છ વેંતનું વાછરડું પોતાને રાજા કહે છે. એ પુરુષ હોય કે સ્ત્રી હોય. પણ આવા બાળકને મારવું એ અમારી નીતિની વિરુદ્ધનું છે. જોજોએ પણ સૂર પુરાવ્યો, હા, એ વાત સો ટકાની. બાળકને ન જ મરાય, અને આ બાળુડો તો પાછો દેખાવડો ને મીઠડો છે.

'હવે મારે ચર્ચાને બીજે ખૂણે વાળવી જ રહી. મેં કહ્યું, સાંભળો, આમાં ક્યાંય મોટી ગેરસમજ થઈ લાગે છે, એટલે આપણે આ ટેબલ ફરતા બેસી આ સમગ્ર પ્રશ્નની ચર્ચા કરી લેવી જરૂરી છે. ટૂંકમાં હું એક વાત કરું કે મને તો કાઉન્ટ સારો પોતે જ એક નઠારો આંતરરાષ્ટ્રીય ગઠિયો હોય એમ લાગે છે.

'પત્યું. કાઉન્ટનું નામ સાંભળતાં જ કુમારી પીબોડી રણકી ઊઠી. ઊભી થઇને મારી તરફ ધસી આવી અને ચાર જ આંગળ જેટલા એના હોઠ દૂર રહ્યા ત્યાં અટકીને તડતડી: તમે કાઉન્ટ સારોનું નામ લીધું? એ રાસ્કલ, મેલો, નીચ, અમારા દેશના ગ્રાન્ડ ડ્યૂક જીનોએ પોતાનો બદઇરાદો સિદ્ધ કરવા ખરીદેલું ઓઠું છે. આ ગ્રાન્ડ ડ્યૂક જીનો અમારા આ સાચા ગાદીવારસ બાળરાજાનો કાકો છે, અને એની દાનત રાજાનું ખૂન કરાવી રાજસત્તા પચાવી પાડવાની છે. આટલા માટે જ એ વારંવાર કાવતરાં રચી આવાં બખડજંતર ઊભાં કરે છે. કાઉન્ટ સારો તેમાં મદદગાર છે. પણ સજ્જનો, તમે તો ગ્રાન્ડ ડ્યૂકના માણસો લાગતા નથી. તમે અમારા આ માબાપ વિનાના શાહી ફરજંદને કશી ઈજા તો નહિ પહોંચાડોને?

ઈઝી ચીઝકેઈક અને શિકાગોના વતની જોજોને એમની આટલી જિંદગીમાં, અને તે યે વળી રાજમહેલમાં, અને તે પણ આવી નમણી રમણીએ સજ્જન કહી સંબોધ્યા હોય તો તે આ પહેલી જ વાર, એટલે

એ બંનેને તો આ બાઈ માટે ઘણું માન ઊપજ્યું. એમના મગજમાં સતત રહેતી ગરમીમાંથી થોડીઘણી તો આપોઆપ નીકળી ગઈ. એટલું જ નહિ શિકાગોના જોજોએ તો અભિપ્રાય પણ ઉચ્ચાર્યો, 'આવો આ ગ્રાન્ડ ડ્યૂક જ નરાધમ છે. આવા કુમળા બાળકને મારી નાખવાના પેંતરા રચે છે. હા, આ રાજા કંઈક મોટી ઉમરનો હોય અને એને મારવાની વાત હોય તો એ કંઈ મગજમાં યે ઊતરે, પણ આવડા બાળકને ? છટ્...

એટલે ફરી વાર રાજાજીએ રાજાને છાજે એવો એ જ સવાલ પૂછ્યો, 'આપ કોણ છો ?' ત્યારે મેં વાણી સ્પષ્ટ કરી કહ્યું : અમે અમેરિકાના વતનીઓ છીએ. ત્યાં બે જ જાણીતાં મોટાં શહેર છે–એક ફિલાડેલ્ફીઆ ને બીજું શિકાગો. આ બંને નામાંકિત નગરોના અમે નગરજનો છીએ'.

શિકાગોનું નામ સાંભળતાં જ બાળારાજા કૂદ્યા, ભૂસકો મારી પલંગ પરથી ઊતરીને પોતાનો પાયજામો સરખો કરતાં પૂછ્યું:'શિકાગો ? ત્યાં કોઈ કફોન નામે વ્યક્તિ રહે છે?' એનું જ્ઞાન અને ભૂરા પાયજામામાં એનો ગોરો વાન જોઈ હું તો ફિદા થઇ એને જોઇ જ રહ્યો. જોજોએ એને ઉત્તર આપ્યો, 'કોણ? અલ કફોન ? હા, હા. અલ કફોન અને હું, અમે બંને શિકાગોમાં પ્રખ્યાત છીએ. એ મને દિવસે મળે તો મને નહિ ઓળખે,પણ તમે અલ કફોનને ક્યાંથી ઓળખો એ તો કહો રાજ્જા!'

'ના રે, હું તો એને ક્યાંથી ઓળખું. પણ અમે જાતજાતના પેપર વાંચીએ એમાં એનાં જાતજાતનાં સાહસો સાથે પાઇનેપલ, મશીનગન ને એવી એવી ચીજો સાથે એનું યે નામ વાંચવા મળે તે એટલું જાણીએ. શિકાગોમાં એ અલ કફોન ક્યાં રહે છે ?'

અને પછી તો જોજો અને બાળારાજા જામી પડ્યા. જાતજાતની વાતો ઊખળવા માંડી. અમારા શિકાગોના અલ કફોને તો ચાંદ બતાવવાનો જ બાકી રાખ્યો. અંગૂઠે કમાડ વાસી દઈ શકે એવો જોજો ચાલાક તો ખરો જ ! એણે રેસમાં જીતનારો ઘોડો દોડે એ કરતાં વધુ ઝડપે જૂઠાણાં વરસાવી બાળારાજાને પાણીપાણી કરી દીધો. મારા નમ્ર મત પ્રમાણે કદાચ જોજોએ જિંદગીમાં પહેલી જ વાર કોઇની સાથે – કોઈ બાળક સાથે આટલી સલૂકાઈથી વાત કરી હશે.અથવા મે બી, આ પ્રકારની વાત જિંદગીમાં પહેલી વાર કરી હશે. એટલું જ નહિ, એણે તો ગજવામાંથી નાનો હાથબૉમ્બ પણ કાઢીને રાજાને બતાવ્યો. અસલ અલ કફોનની સરખામણીમાં આ યે કંઈ ગાંજ્યો જાય નહિ એવો! એ બૉમ્બ પર મારી નજર પડતાં જ મેં ડોળા તતડાવ્યા. પણ એ તો બાળારાજાને જ્ઞાન આપવામાં મગ્ન હતો. કહે, આ હાથબૉંબ લખોટાબૉમ્બ છે. કદાચ રસ્તામાં ક્યાંક હાથોહાથનો સંજોગ ઊભો થઈ જાય તો કામ લાગે એમ સમજી આગમચેતી વાપરી લાવ્યો છું. આની સાથે બહુ રમત કરવી સારી નહિ. પણ આ બીજી ચીજ જુઓ, એમ કહી એણે તો એની અર્ધો હાથ જેટલી નળીવાળી બંદૂકડી કાઢી, અને બાળારાજાના હાથમાં આપી એ કેમ વપરાય તે શીખવવા માંડયું. બંદૂક ઉપર સલામતી માટેની ચાંપ તો કદી લગાડતો હશે કે કેમ, પણ બાળારાજાના હાથમાં એ હથિયાર આપતાં જ એણે તો ઘોડો દબાવવા માંડ્યો. પહેલે ધડાકે એક મોટું ચીની વાઝ તોડી પાડ્યું, બીજે ધડાકે ઈઝીના હાથમાં લટકતી એની હૅટમાં કાણું પડી ગયું. હું કુમારી પીબોડી સાથે ઉચ્ચ કક્ષાની રાજદ્વારી ગુફતગુ કરી રહ્યો હતો તે અટકાવીને દોડી ગયો અને બાળારાજાના હાથમાંથી સિફતથી બંદૂક સેરવી લીધી. જો કે મને અને જોજોને વાતોમાં મગ્ન જોઈ નવરા અને એકલા પડેલા ઈઝી ચીઝકેઇકે સમયનો સદ્ઉપયોગ કરી પોતાના ગજવામાં થોડો ભાર વધારવાની જે પ્રવૃત્તિ આદરી હતી તેમાં વિક્ષેપ પડ્યો ખરો.

આ બાજુ કુમારી પીબોડી સાથેની વાતચીતમાં મને ઘણી બાબતો જાણવા મળી. મૂળ તો આ બાળારાજા માટે પ્રજાને બહુ માન હતું, પણ એનો પેલો સ્વાર્થી કાકો પડોશના દેશ સાથે સોદો કરી એનું વર્ચસ્વ સ્વીકારી આ દેશનો રાજા બનવા ઇચ્છતો હતો. આ નાનકડો દેશ એની સ્વતંત્રતા ગુમાવી બેસે અને દેશનાં સુખશાંતિ ને આબાદી બરબાદ થઇ જાય એવા એ બધા રાજકારણી ખેલ હતા. મૂળ સાર એ જ કે મને તો કુમારી પીબોડી બહુ સમજદાર બાઇ લાગી. બાળારાજા પ્રત્યેની એની વફાદારી પણ વખાણવા જેવી જ ગણાય. અને એની આંખમાં અમે ત્રણે ગઠિયા છીએ એવી છાપ ઊભી ન થવા દેતાં સજ્જન રહીએ એ પણ રાખવા જેવી વાત લાગી.

પણ આ બંદૂકડીના જે બાર થયા એથી મને ત્યારે તો ચિંતા થઇ પડી હતી. પરંતુ પછીથી લાગ્યું કે જે થયું તે ઠીક જ થયું હતું. કારણ મહેલની આસપાસ બેરન વૉન ટર્પ કે એના પેલા રાજકારણમાં સંડોવાએલા સાથી-મળતિયાઓ છુપાયા હશે તેમને તો ધડાકા સાંભળીને એમ જ લાગ્યું કે બાળારાજાને અમે પતાવી નાખ્યો, કામ પતી ગયું.પણ ધડાકા સાંભળીને કોઇ તપાસ કરતું આવે તો એને જવાબ આપવો ન પડે એટલે એ સૌ ત્યાંથી છટકીને પોતપોતાને ઘેર નાસી ગયા. આ બાજુ બાળારાજા પોતાના ઓરડામાંથી બહાર આવ્યા, ત્યાં અગાઉ કોઇએ શિકાગોથી કંઇ ભેટ મોકલી હશે તેના ખોલ્યા વિનાના બૉક્સ પર નજર પડી. અમે અમેરિકન પ્રજાજન અને એમાં યે જોજો તો અસલ શિકાગોશિયન ત્યાં હાજર, એટલે એ બૉક્સ ઉઘડાવીને અંદર જે વસ્તુઓ હતી તે અંગે પૂછે છે. અને જોજો તો એ જોતાં જ બોલે છે, અરે, આ તો બેઝ-બૉલની રમતનાં સાધનો છે. આ બૅટ અને આ બૉલ. અને પછી તો એણે બેઝબૉલની રમતનું વર્ણન કરતાં જુવાનીમાં પોતે કેટલા રન કરેલા, કેટલા રેકૉર્ડ તોડેલા વગેરે વિષે ડંફાસો મારવાની એ તક ઝડપી લીધી. એટલું જ નહિ, પણ એ બીજો ખંડ જરા મોટો તે પોતે બૅટ પકડી રાજાજી પાસે દડો નખાવી બેઝ-બૉલની રમતનું ડેમોન્સ્ટ્રેશન આપવું શરૂ કરી દીધું. ઇઝી ચીઝકેઇકને પણ ચેપ લાગ્યો અને પોતાના ભૂતકાળના બડાઇઓ હાંકવા સાથે એ પણ રમતમાં જોડાઇ ગયો. બાળારાજાને તો જાણે સ્વર્ગ જ મળી ગયું અને પછી તો રમતમાં રન નોંધવા માટે પણ વ્યવસ્થા વિચારાવા લાગી, ત્યાં રાજમહેલની ઘડિયાળના ટકોરા સંભળાયા. મીઠા રણકારવાળા, એકે ય આઘો નહિ કે એકેય વહેલો નહિ એમ પૂરા એક સરખા સમયના અંતરે વાગતા એ ટકોરા ગણતાંગણતાં જ્યાં દસને આંકડે હું અટક્યો કે તુરત મારા ભેજામાં બત્તી થઇ. અમારું મિશન શું ? આ બેઇઝબૉલની રમત શી? અને કુમારી પીબોડીને સમય થઇ ગયો હોઇ બાળારાજાને વાર્તા સંભળાવ્યા વિના જ ઊંઘાડવાની ફિકર. પણ બાઇ સંસ્કારી, તે એણે અમ સજ્જન મહેમાનો માટે નાસ્તાપાણીનું વિચારી બહારથી કોઇ દરબારી કે ચોકીદાર જે હોય તેને બોલાવવા અમને વિનતી કરી. હું લાગલો બહાર દોડ્યો ને પેલા બાંધેલા પહેરેગીરને છોડી એનો હાથ પકડી લઇ આવ્યો. કલાકમાં તો એની સૂધબૂધ પાછી ઠેકાણે આવી ગઇ હતી. મારા મનમાં કે ડાચું બગાડી કંઇ ફરિયાદબરિયાદ કરશે, પણ કુમારી પીબોડીએ ત્યાંના ભાષામાં એવા તો ટૂંકા ને ટચ હુકમો આપ્યા કે પેલો બહાર દોડ્યો અને મોટા ખાનસામાને બોલાવી લાવ્યો અને ત્યાં દસ વાગ્યે જાણે એ લોકોના લેઈટ ડિનરનો સમય હોય તેમ ધડાધડ બહારથી બેત્રણ ટેબલ લાવી ગોઠવવા માંડ્યાં. આથી પેલી બેઝબૉલની રમતમાં જોકે ભંગાણ પડ્યું, પણ અહીં ગરમ કૉફી, સેન્ડવિચિઝ, પેસ્ટ્રિઝ વગેરે વગેરે કંઇક જાણીતી કંઇક અજાણી વાનગીઓની સોડમથી રૂમ મઘમઘવા લાગ્યો. આમાં ચીઝકેઇક પણ હતાં એટલે ઇઝી તો શાનો ઝાલ્યો રહે ? તૂટી જ પડ્યો એ, અને ડિશમાંનો માલ ઝડપથી એના પેટમાં પહોંચી જવા લાગ્યો. આ બાજુ બટલરે વાઇનના ગ્લાસ ભરવા માંડ્યા, જ્યાફત જ જામી ગઇ. વાઇનની

તો શી તારીફ કરવી! એ વાઇનનો અમેરિકા અને એ જે હોય તે દેશ વચ્ચે એક્સપોર્ટ-ઇમ્પોર્ટનો વેપલો કરીએ તો એમાં બંને બાજુ કમાણીના આંકડા પણ વિચારી જોયા.

કુમારી પીબોડીએ પોતાનો ગ્લાસ ઊંચો કર્યો. અમે યે એ પ્રમાણે કર્યું એટલે એણે રાજાને શુભેચ્છા ઇચ્છીને કહ્યું, 'લૉંગ લિવ ધ કિંગ.' અમે યે લૉંગ લિવ ધ કિંગ એ શબ્દોનું કૉરસ બોલ્યા અને પછી ટેબલ પર રહીસહી વાનગીઓનો બગાડ ન કરવાના હેતુથી તેને ઉપયોગમાં લઇલીધી.

ટૂંકમાં ત્યારબાદ છૂટા પડતી વખતે કુમારી પીબોડી તથા બાળા-રાજાએ અમને ત્યાં ફરી આવવાનાં નોતરાં આપ્યાં, અને અમે હા, હા, ને થૅંક્સનાં પ્રવચનો કરી, હાથ મિલાવી, છૂટા પડી માંડમાંડ નીચે ઊતરી અમારા માટે બહાર રાહ જોતી ઊભી રહેલી મોટરમાં ગોઠવાઈ ગયા. જોજોએ ડ્રાઈવરને હોટેલ પર નહિ, પણ અમે આ દેશ બહાર જે બંદરે ઊતર્યાં હતા ત્યાં – હશે બસોપાંચસો માઈલ છેટું, ત્યાં લઈ જવા હુકમ આપી દીધો. વળી, હજી સુધી બંદૂકડી વાપર-વાનો મોકો જ મળ્યો નહોતો એટલે એના હાથમાં યે ચળ ઊપડી હતી, આથી શોફરને જતાંજતાં ગાડી ગ્રાન્ડ ડ્યૂક જીનોના બંગલા આગળથી હાંકવાની સૂચના આપી. રસ્તામાં યે જે મરઘાંબતકાં દેખાયાં તેને તે ગોળીથી ઉડાવતો ગયો. મોટર જ્યારે ગ્રાન્ડ ડ્યૂકના બંગલાની નજીકથી પસાર થઇ ત્યારે મારો હાથે ય સખણો ન રહેતાં બંગલાની બારીઓ તરફ મારી બંદૂકના બેપાંચ બાર કરી લીધા. અને પછી એ સાંકડા રસ્તા ઉપર ધોરી માર્ગની પડખે હંકારાવી ગયા. જેવા ગયા હતા એવા જ ધોએલ મૂળા જેવા પાછા ફર્યાં. આ અમારી યુરોપની જાત્રા. ગયા અને જોયું એ લાભ, બાકી બીજા બધામાં અ-લ્લાયો. હવે આમાંથી તારે લખવામાં કંઇ કામ લાગે તો લખજે.'

આમ, કિટી કિવકનું દાસ્તાન પૂરું થયું, હું એને કંઈ પૂછું એ પહેલાં એણે જાવા કૉફીનો ત્રીજો ઑર્ડર આપી દીધો. હું એને પૂછું છું કે 'તમે ગયા તે તો ઠીક, પણ કયા દેશમાં ગએલા? અને યુરોપમાં એ દેશ ક્યાં...?' તો એ કહે છે, 'તું સમજતો નથી, યાર? જો એ દેશનું નામ કહું, અને તું વળી ભૂલેચૂકે યે દાસ્તાનમાં એ લખી નાખે, તો તું અને અમે, બધા આફતમાં આવી પડીએ. એક બાજુ વૉશિંગ્ટન સળગે, યુરોપમાં યે આગ લાગે ને છૂપી પોલીસો ને ઇન્ટરપોલ વગેરે દોડા-દોડી કરી મૂકે, અને આંતરરાષ્ટ્રીય લડાઇનો મામલો યે ઊભો થાય. કારણ જે સ્ટીમરમાં અમે નીકળ્યા તેમાં દરરોજના જે સમાચાર બુલેટિન વહેંચવામાં આવતાં તેનાં તથા અમે બંદર પરથી ત્રણ ચાર દિવસનાં જે છાપાં ખરીદેલાં એમાં એક ન્યૂઝ આઇટમ એમ હતી કે એ દેશના ગ્રાન્ડ ડ્યૂક જીનોનું પોતાના ઘરમાં કોઈ અકસ્માત થવાથી ભારે ઈજા થવાના કારણે મૃત્યુ થયું હતું. જ્યારે જોજોને મેં એ સમા-ચાર વંચાવ્યા તો કહે, 'બને, જ્યારે એના બંગલા નજીકથી આપણે ગાડી હંકારાવી ત્યારે તેં થોડાક ગોળીબાર એની બારી તરફ કરેલા એવું મને આછુંઆછું સાંભરે છે. વળી, ઈઝીએ પણ એ તરફ જ બેચાર બાર કરેલા એવો મારો ખયાલ છે, અને મારી પાસેનો પેલો નાનકડો બૉંબ પણ ત્યાં ફેંકી દઈ મેં ગજવાનો ભાર હળવો કરી ના-ખેલો. બનવા જોગ છે કે એ સમયે ગ્રાન્ડ ડ્યૂક જીનો બારીમાં ઊભો ઊભો આકાશમાં તારા ગણતો હોય યા આપણા મિશનના પરિણામ-ની રાહ જોતો હોય અને આપણી એકાદ-બે ગોળી ખોટી જગ્યાએ ઘૂસી ગઈ હોય તો એની તારા ગણવાની ક્રિયા પૂરી ન પણ થઈ શકી હોય, અને એ પોતે જ તારાઓ ભેગો થઈ ગયો હોય. એટલે આ દેશ, અ-મારાં સાચાં નામ, અમારી કારીગરી, અમારા સાહસ વગેરેની કંઈ જાહેરાત કરવી એ આંતરરાષ્ટ્રીય જોખમ નોતરવા જેવું છે. ટૂંકમાં અમારા નસીબમાં પેલા વકીલ પાસે અનામત રાખેલા પૈસા પણ લેવા જઇ શકાય તેમ નથી. જે પ્રવાસખર્ચ મળ્યો હતો તે અને રાજ-મહેલમાં ખાણું ખાધું અને વાઈન્સ પીધાં તે નફામાં. થોડા મહિના પછી અમે હવે બરાબર રીતસરનું હિઝ મેજેસ્ટી – લૉંગ લિવ ધ કિંગ પાસેથી નોતરું મંગાવી શાહી મહેમાનો તરીકે જવાના છીએ, ત્યારે અમારા ખાસ ગેસ્ટ તરીકે તને પણ લઈ જઇશું, અને ત્યારે તારે જ અમારા તરફથી બધી વાતચીતો કરવાની, અને આપણે રાજાને માટે બેઝબૉલનો આખો સેટ સાથે લઈ જઈશું તે તારા હાથે જ ભેટ કરાવીશું.'

'આભાર, અને માઇટી પ્લીઝ્ડ ફૉર ધી ઇન્વિટેશન. પણ તમે રાજાજીનું નામ તો જાણતા નથી અને એ દેશના નામની પણ ખબર નથી તો કયા સરનામે લખીને તમે નોતરાં મંગાવશો એ તો નક્કી કરો.' □

'વનફૂલ'ની લઘુકથા

પરિચય

સુકન્યા ઝવેરી

'મને ઓળખો છો?'

'હા જ તો, કેમ?'

'શી રીતે ઓળખો?'

'વાહ, મેં તને જોઈ છે ને! એક વાર નહિ અનેક વાર.'

'કેવી રીતે જોઈ? હું તો અહીંની નથી. મને તો કલકત્તાથી અહીં આણી છે. – મને નહિ, મારી માને. હું તો આજે જ ખીલી છું. તમે ક્યારેય કલકત્તા ગયા છો?'

'ના. આ પેલું ઝાડ છે ને, ત્યાં જ મારો માળો છે.'

અને એ પક્ષી ઊડીને પોતાના માળાની આસપાસ એક ચક્કર લગાવી આવ્યું. માલતી આશ્ચર્યથી તેને તાકી રહી. પક્ષી ફરી તેની પાસે આવી બેઠું. કહે, 'તું ગમે તે કહે, હું તો તને ઘણા સમયથી ઓળખું છું. ક્યારેકક્યારેક તારી પાસે આવીશ, આવું ને?'

'હા, આવજે.' અને આ સાંભળી પક્ષી ફડફડાટ કરતું ઊડી ગયું.

પછી આવ્યો પવન. આવતાં જ પૂછ્યું, 'અરે, કેમ છે તું? મઝામાં?'

'હા, પણ તમે મને ઓળખો છો?'

'કેમ, તને ન ઓળખું? હમેશાં તને હિંચોળું છું; તારી સુરભી, તારો પરાગ વહી જઉં છું...'

'પણ હું તો અહીંની નથી, એટલે મને થયું, મને શી રીતે ઓળખો!'

'તે હું પણ અહીંનો થોડો છું? કાલે રંગૂન હતો, આજ અહીં. એ પહેલાં ઓરિસ્સામાં હતો. આપણે તો કોઇનાય નહિ. આખી દુનિયા-માં ફરું, અને છતાં ય...' અને પવન તેને હિંચોળતો ચાલ્યો ગયો.

'હું પણ તને ઓળખું છું.' જે પ્રકાશ માલતીને ઘેરી રહ્યો હતો તે બોલ્યો.

'તમે શું કલકત્તાના છો?'

'હું કલકત્તાનોય નથી કે ઢાકાનોય નથી. હું આકાશનો છું અને તું ધરતીની છે. તને ખીલવવા હું આકાશમાંથી ઊતરી આવ્યો છું. આટલો આપણો પરિચય, ને તેના બંધનથી આપણે ચિરકાળથી બંધાએલાં.' પ્રકાશનું હાસ્ય વધુ ઉજ્જવળ બની ઊઠ્યું.

નૂતન સ્વપ્ન જાગ્યું માલતીની પાંખડીઓમાં. પવને ફરી આવીને તેને હિંચોળી. પેલું પક્ષીયે પાછું આવીને પાસેની જ એક ડાળ પર બેસી ગયું.



સુરેશ મોદી

આપણે બ્રિજ રમવાના નિયમો જોયા. આ નિયમો ઑક્શન બ્રિજ (Auction Bridge), કૉન્ટ્રેક્ટ (Contract) બ્રિજ અને બ્રિજની ટૂર્નામેન્ટના વિવિધ પ્રકારોને સરખા જ લાગુ પડે છે. આ બધા વચ્ચે તફાવત તેના ગુણાંકન – માર્ક ગણવાની રીતમાં જ છે. એ તફાવતને લીધે હરીફો બોલવામાં અને તદનુસાર રમવામાં ફેર પડે. એક પ્રકારમાં જે બોલ સારો ગણાય તે બીજામાં નબળો ગણાય એમ બની શકે. હાલ આપણે અહીં માત્ર કૉન્ટ્રેક્ટ બ્રિજની ગુણાંકન પદ્ધતિ જોઈશું, અને તે પણ ક્લબ વગેરેમાં રમાય છે તે રીતે 'રબર' માટે. ટૂર્નામેન્ટના વિવિધ પ્રકારમાં જે તફાવત હોય છે તે આપણે આગળ ઉપર ટૂર્નામેન્ટ વિષે જોઈશું ત્યારે સમજીશું.

બ્રિજમાં બંને પક્ષ પોતાની પાસે મેળવેલા માર્કસ (ગુણ)નો હિસાબ રાખે છે. તે માટે જે પદ્ધતિ વપરાય છે તે અહીં દર્શાવી છે. આ માર્ક નોંધવાના પત્રકને સ્કૉરિંગ-શિટ (Scoring-Sheet–અંક, પત્રક કે ગુણપત્રક) કહે છે. આપણે જાણીએ છીએ કે બ્રિજ એ ભાગીદારીમાં રમવાની રમત છે અને તેમાં બબ્બે જણની બે જોડ સામસામી રમવા બેસે છે. એટલે માર્ક લખવા માટે બંને પક્ષે એક કાગળ લઈ તેના બે ઊભા ભાગ પાડતી એક લીટી દોરવી. અને તેમાં પોતાના પક્ષ માટે 'અમે', એટલે કે We–અને સામા પક્ષ માટે 'તેઓ'–એટલે કે They એવું મથાળું બાંધવું. ત્યાર બાદ ઉપરના ભાગેથી ઠીકઠીક જગ્યા રાખી આ બંને ભાગને કાપતી એક ઘેરી આડી લીટી દોરવી. આ ઘેરી આડી લીટીના નીચે (below the line) બોલાએલા અને થએલા હાથના માર્ક (trick-points) લખાય છે. માર્ક લખવાનો આ કોઠો (Scoring-sheet કે Scoring table) જોતાં પહેલાં બીજી થોડી સમજ મેળવી લઇએ.

બેમાંથી કોઈ પણ એક પક્ષના થએલા હાથના ૧૦૦ કે વધુ માર્ક્સ થાય એટલે તે પક્ષ રમત જીત્યો ગણાય. આ રીતે જે પક્ષ બે રમત જીતે તે પક્ષ 'રબર' જીત્યો ગણાય, એટલે કે તેનું રબર થયું ગણાય છે.

દરેક રમત પૂરી થયે દોરી લીટીની નીચે નોંધાએલા માર્કની નીચે એક આછી લીટી દોરવામાં આવે છે. આ લીટી એક રમત કે દાવ (game) પૂરી થયાનું સૂચવે છે. આ પછી બીજા દાવમાં નવેસરથી માર્ક નોંધાય છે. આગળના દાવના માર્ક પછીના દાવમાં કામ આવતા નથી. બ્રિજમાં ૧૦૦ માર્કનો એક દાવ ગણાય છે.

જે પક્ષ એક રમત કે દાવ જીતે તેની સ્થિતિ વલ્નરેબલ (Vulnerable) અને જે પક્ષ હારે તેની સ્થિતિ નોન-વલ્નરેબલ Non-Vulnerable) કહેવાય.

પાનાંની દરેક ભાતમાં A, K, Q, J, 10 એ પાંચ ભારે પાનાંને 'ઑનર્સ'(honours) કહે છે. એક જ રમનારની પાસે એક જ ભાતમાં આ પાંચે ભારે પાનાં હોય તો તેના તેને ઑનર્સ' માર્ક મળે.

કૉન્ટ્રેક્ટ બ્રિજમાં ક્યારે કોને કેટલા ગુણ—માર્ક મળે તેની સમજ આ સાથે નીચે આપી છે. ઘણા ઉત્પાદકો પાનાંની જોડ સાથે આવો કોઠો પણ આપે છે. એટલે કે બાવન પાનાં, એક જૉકર અને એ ઉપરાંત, આવા કોઠાનું એક પાનું આપે છે. બ્રિજની રમતમાં આ માર્કની ગણતરીનું જ્ઞાન હોવું જરૂરી છે. એ યાદ ન રહી જાય ત્યાં સુધી આવા તૈયાર કોઠાનો ઉપયોગ કરવો. અહીં નીચે માર્ક ગણવાના નિયમો આપ્યા છે.

માર્ક મૂકવામાં ધ્યાનમાં રાખવાનું એ છે કે, (૧) ઘેરી લીટી નીચે (below the line) તો કરાર કર્યા મુજબના કે જાહેર કરેલા હાથના જ માર્ક, અને તે યે જો હાથ થયો હોય તો જ મુકાય. બાકીના બધા માર્ક લીટીની ઉપર મૂકવાના. (૨) લીટીનીચે બે દાવ એટલે કે game–એટલે કે ૧૦૦ યા તેથી વધુ માર્ક જે પક્ષ પહેલાં કરી લે તે રબર જીતે. રબર જીતનાર, જીતવા છતાં તેણે સામા પક્ષ કરતાં ઓછા માર્ક મેળવ્યા હોય તો રમતમાં હારે છે. બ્રિજની આ એક ખૂબી છે. માર્ક કેમ ગણવા તે નીચે દર્શાવ્યું છે:

કરાર મુજબ છ હાથથી વધુ દરેક હાથના માર્ક (Trick Points)

(આ માર્ક કરાર કરનારને તેના પક્ષે કરેલા હાથ બદલ મળે છે.)

	સાદા હાથના	ડબલ કર્યા હોય તો
કુલ્લી અને ચોકટ (♣ અને ♦)ના હાથ બદલ દરેક હાથના	૨૦	૪૦
લાલ અને કાળી (♥ અને ♠) ના દરેક હાથના	૩૦	૬૦
સર પાડયા વિનાના (No-Trumps-N,T.) પહેલા હાથના	૪૦	૮૦
અને પછીના દરેકના	૩૦	૬૦

રી-ડબલ હોય તો ડબલથી પણ બમણા માર્ક ગણાય છે. લીટી નીચે આવા ૧૦૦ કે તેથી વધુ માર્ક થાય ત્યારે દાવ (game) પૂરો થયો ગણાય. જાહેર કરેલા હાથ કરતાં વધુ હાથ થાય તે over-tricks કહેવાય છે. આવી ઓવર ટ્રિક્સના માર્ક ઉપર મુજબ જ ગણાય પણ તે લીટીની ઉપર જ (above the line) લખાય. પણ જો કરાર 'ડબલ' કે 'રી-ડબલ' થયો હોય તો—

કરાર કરતાં વધુ હાથ (over-tricks) જો ડબલ કે રી-ડબલ હોય તો

	નૉન-વલ્નરેબલને	વલ્નરેબલને
ડબલ થએલા કરારના દરેક હાથના	૧૦૦	૨૦૦
રીડબલ થએલા કરારના દરેક હાથના	૨૦૦	૪૦૦
ડબલ કે રીડબલ કરાર પૂરો કરવા બદલ	૫૦	૫૦

આ માર્ક ઘેરી લીટીની ઉપર લખાય છે અને તે કરાર કરનાર પક્ષને મળે છે.


કરાર કરતાં ઓછા હાથ (under-tricks) બદલ

	નૉન વલ્નરેબલને	વલ્નરેબલને
સાદા (ડબલ થયા ન હોય તેવા) દરેક હાથના	૫૦	૧૦૦
ડબલ થએલા કરારના પહેલા હાથના	૧૦૦	૨૦૦
–પછીના દરેક હાથના	૨૦૦	૩૦૦
રી-ડબલ થએલા કરારના પહેલા હાથના	૨૦૦	૪૦૦
–પછીના દરેક હાથના	૪૦૦	૬૦૦

આ બધા માર્ક પણ ઘેરી લીટીની ઉપર લખાય છે ને તે સામા પક્ષને મળે છે.

ટૂંકમાં પોતે જાહેર કરેલા (કરાર કરેલા) હાથના માર્ક લીટીની નીચે પોતાના ખાનામાં મુકાય, અને કરાર કરતાં પોતાના જેટલા હાથ ઓછા થાય તેના માર્ક સામા પક્ષના ખાનામાં લીટીની ઉપર લખાય. આ માર્કનો લાભ કે ખોટ પક્ષના બંને બિલ્લુને લાગુ પડે છે.

Sliwa



Lengyel
સફેદે રમવાનું

શતરંજ-કૉમ્બિનેશન

આ સ્થિતિ (q4r1k/p3Nppp/1p6/2p5/2P5/1P1R2P1/P1Q2P1P/5b-K1)માં બન્ને પક્ષે મ્હોરાં સરખાં છે. પહેલી નજરે એમ લાગે છે કે સફેદ કાળા ઊંટને મારી શકે છે, પણ થોડો વધુ ઊંડો વિચાર કરતાં જણાશે કે—

1 K×B, પછી 1..., Q-R8ch; 2K-K2, Q-K5ch; 3K-ગમે ત્યાં; Q×N, પછી કાળો મ્હોરું પાછું મેળવી લે છે અને રમત તદ્દન ડ્રૉ જેવી જ થઈ જાય છે.

તે સિવાય કાળો 1 ..., Q-N7 થી મ્હાત-ની ધમકી આપે છે તેનો પણ સફેદે વિચાર કરવાનો છે.

આમ છતાં એક વિસ્મયકારક ચાલથી સફેદ તરત જીતી શકે છે. તે ચાલ છે: 1R-Q5!

હવે સફેદ રાજા કાળા ઊંટને મારવાની ધમકી આપે છે. સફેદ હાથી કાળા વજીરનો રસ્તો રોકતો હોઈ ઉપર બતાવેલી રીતે તે મ્હોરું પાછું મેળવી શકે તેમ નથી. ઊંટ બચાવવા કાળો 1 ..., B-R6; રમે તો 2Q×Pch! K×Q; 3R-R5 મ્હાત. આ મ્હાત અટકાવવા 1 ..., P-N3 કે 1 ..., P-R?; રમે તો તેની સામે 2 K×B. પછી સફેદ પાસે મ્હોરું વધુ હોવાથી તે જીતે છે.

સુરેશ મોદી

ચારમાંના કોઈ એક રમનારની પાસે—

એક સાથે હુકમનાં ચાર ઑનર્સ પાનાં હોય તો તેના ૧૦૦ના માર્ક

એક સાથે હુકમનાં પાંચેય ઑનર્સ (A, K, Q, J, 10) પાનાં હોય તો ૧૫૦ માર્ક

એક સાથે ચારેય ભાતના એકા (A) હોય (અને નો-ટ્રમ્પ-N.T.નો કરાર હોય તો જ) ૧૫૦ માર્ક

આ માર્ક પણ ઘેરી લીટીની ઉપર જ લખાય છે.

સ્લામનો કરાર પૂરો કરવા બદલના માર્ક

	નૉન-વલ્નરેબલને	વલ્નરેબલને
લિટલ સ્લામ (૧૨ હાથ)	૫૦૦	૭૫૦
ગ્રાન્ડ સ્લામ (૧૩ હાથ)	૧૦૦૦	૧૫૦૦

આ માર્ક પણ ઘેરી લીટીની ઉપર જ કરાર કર્તા પક્ષના ખાનામાં લખાય.

આપણે અગાઉ જોયું કે બ્રિજમાં જીતવા માટે ૧૦૦ માર્ક તો જોઇએ જ. ઉપરાઉપરી બે દાવ જીતે તે પક્ષનું રબર થયું ગણાય. આ રબર પુરું કરવા માટે બોનસના માર્ક પણ મળે છે:

બે દાવમાં રબર કરવા બદલ ૭૦૦ માર્ક
ત્રણ દાવમાં રબર થાય તો ૫૦૦ માર્ક

કોઈ કારણસર રબર પૂરું થયા પહેલાં રમત બંધ થાય તો જે પક્ષ એક દાવ જીત્યો હોય, અથવા એક પક્ષના દાવથી ઓછા માર્ક (part score) હોય તો તેમને નીચે પ્રમાણે બોનસના માર્ક મળે છે:

દાવ જીતનાર પક્ષને ૩૦૦ માર્ક
અધુરી રહેલી રમતમાં ૧૦૦થી ઓછા માર્ક હોય તે પક્ષને ૫૦ માર્ક.

રમતમાં એક રબર પૂરું થાય એટલે બંને પક્ષે મેળવેલા માર્કનો કુલ સરવાળો થાય છે. આમાં જે પક્ષના માર્ક વધુ થાય તે પક્ષ અંતે જીત્યો ગણાય. રબર મેળવનાર પક્ષ જ છેવટ જીતે એવું નથી. એની સામેના પક્ષના કુલ માર્ક વધારે થતા હોય તો જીત તેની ગણાય.

પ્રથમ દૃષ્ટિએ આ બધું જરા અટપટું લાગે. એટલે માર્ક કઈ રીતે લખાય તે સમજવા ઉદાહરણ રૂપે એક રબર પૂરું થતાં સુધીની રમત આપણે જોઈએ. આમાં ઉત્તરનો રમનાર માર્ક લખે છે તેથી તેનો પક્ષ; એટલે કે ઉત્તર-દક્ષિણની જોડ સ્કૉરશિટમાં 'અમે' (We)ના વિભાગમાં અને પૂર્વ-પશ્ચિમના માર્ક 'તેઓ' (They)ના વિભાગમાં એ લખશે.

બાજી ૧. દક્ષિણે બે કુલ્લીનો કરાર કર્યો છે. એટલે કે બ્રિજમાં ૬ હાથ તો અધ્યાહાર જ સમજવાના હોઈ તે બે કુલ્લી કહે તેનો અર્થ એ કુલ્લીના સરથી ૬+૨=૮ હાથ કરવા ધારે છે. (અહીં લખવામાં તે બે કુલ્લી, 2 clubs, ૨C, ૨ ♣ એમ લખશે). હવે ઉત્તર-દક્ષિણે ૯ હાથ કર્યા. મતલબ કે ૬ હાથ ઉપરાંત એમણે કહ્યા પ્રમાણે તેમણે કુલ્લીના સરથી ૨ હાથ વધુ કર્યા તેના ૪૦ માર્ક તે ઘેરી લીટીની નીચે 'અમે'ના વિભાગમાં લખશે. અને કહ્યા પ્રમાણેના ૮ હાથ ઉપરાંત તેમણે નવમો હાથ પણ કર્યો છે જેના ૨૦ માર્ક તે ઘેરી લીટીની ઉપર પોતાના 'અમે' વિભાગમાં મૂકશે.

બાજી ૨. પૂર્વએ ત્રણ નો-ટ્રમ્પસ (૩N. T.)નો કરાર કર્યો અને એના પક્ષે નવ હાથ કર્યા. આમાં પૂર્વની પાસે ચારેય એકા (A) હતા જેના તેને બોનસના માર્ક પણ મળશે. એણે કહ્યા પ્રમાણે ૬થી ઉપર ત્રણ હાથ કર્યા છે. જેને માટે કોઠા પ્રમાણે તેને પહેલા હાથના ૪૦ અને બીજા બે હાથના ૩૦-૩૦ મળી કુલ ૧૦૦ માર્ક મળે છે. ઉત્તર આ માર્ક નોંધે છે એટલે તે 'તેઓ' (They)ના વિભાગમાં ઘેરી લીટીની નીચે આ ૧૦૦ માર્ક નોંધે છે, અને ચાર એકા સાથે હોવા બદલ તથા નો-ટ્રમ્પસનો કરાર હોઈ કોઠામાં દર્શાવ્યા મુજબ પૂર્વ પશ્ચિમને બોનસના જે ૧૫૦ માર્ક મળે છે તે ઘેરી લીટીની ઉપર નોંધશે. પૂર્વ-પશ્ચિમની જીત સાથે આ દાવ પૂરો થતાં એ ઘેરી લીટી નીચે નોંધાએલા માર્કસની નીચે એક આછી લીટી દોરશે.

બાજી ૩. પશ્ચિમે ત્રણ કાળી (૩ S)નો કરાર કર્યો. દક્ષિણ તેને 'ડબલ' કરે છે. પણ પૂર્વ-પશ્ચિમ ફક્ત ૭ હાથ કરી શકે છે. એટલે કે બોલ્યા કરતાં તેઓના બે હાથ ઓછા થયા. પહેલો દાવ તેઓ જીતેલા એટલે તેઓ 'વલ્નરેબલ' હોઇ તેમના બે હાથ ઓછા (under tricks) થવાથી કોઠા પ્રમાણે ૨૦૦ અને ૩૦૦ મળી કુલ ૫૦૦ માર્ક ઉત્તર-દક્ષિણને મળ્યા, જે ઉત્તર પોતાના-'અમે'ના વિભાગમાં ઘેરી લીટીની ઉપર (અગાઉના ૨૦ નોંધાએલા છે તેની ઉપર) નોંધશે.

બાજી ૪. ઉત્તર ૪લાલ (4H)નો કરાર કરે છે. પૂર્વ તેને ડબલ કરે છે. ઉત્તર-દક્ષિણના આઠ હાથ થાય છે. એટલે કે બોલ્યા કરતાં બે હાથ ઓછા થાય છે. હજી તેમનો દાવ પૂરો થયો નથી, મતલબ કે તેઓ હજી કરેલા હાથ બદલ ૧૦૦ માર્ક પૂરા મેળવી શક્યા નથી, એટલે એમની સ્થિતિ 'નૉન-વલ્નરેબલ' છે. તેથી પૂર્વ-પશ્ચિમને (નિયમ પ્રમાણે) ૧૦૦+૨૦૦ મળી કુલ ૩૦૦ માર્ક મળે છે. જેની નોંધ ઉત્તર 'તેઓ'ના

વિભાગમાં ઘેરી લીટીની ઉપર (અગાઉ ૧૫૦ નોંધાયા છે તેની ઉપર) કરશે.

બાજી ૫. દક્ષિણ ૬ ચોકટ (6D) બોલે છે, અને તેઓ બરાબર બાર હાથ કરે છે. તેની પાસે સર એટલે કે ચોકટના A, K, J, 10, એમ ચાર ભારે પાનાં (ઑનર્સ) છે. એમણે કરેલા કરાર મુજબ એમણે કરેલા હાથના ૧૨૦ માર્કની નોંધ 'અમે'ના વિભાગમાં ઉત્તર લખી નાખશે. અને ચાર ઑનર્સ હોવા બદલના ૧૦૦ માર્ક તથા તેઓ હજી 'નૉન-વલ્નરેબલ' હોઈ 'લિટલ સ્લામ'ના ૫૦૦ માર્ક તેમને મળે છે તેની નોંધ ઉત્તર પોતાના 'અમે' વિભાગમાં ઘેરી લીટીની ઉપર કરશે. અહીં દાવ પૂરો થતો હોઈ ઘેરી લીટીની નીચેના ભાગમાં તે દર્શાવતી બીજી એક આછી લીટી દોરશે.

બંને પક્ષે એક એક દાવ પૂરો કર્યો. જો બંને દાવ એક જ પક્ષે પૂરા કર્યા હોત તો 'રબર' પૂરું થઈ જાત. હવે બન્ને પક્ષની સ્થિતિ 'વલ્નરેબલ' થઈ કહેવાય. હવે તો જે પક્ષ ત્રીજો દાવ જીતે તેનું રબર પૂરું થશે અને તે બદલ તેને બોનસ માર્ક પણ મળશે.

બાજી ૬. પૂર્વે ૪ કાળી (4S)નો કરાર કર્યો. દક્ષિણે તે ડબલ કર્યો, અને પશ્ચિમે તે રીડબલ કર્યો. કરાર કરનાર જોઇતા દસ હાથ પૂરા કરી લે છે. તેને મળતા ૪૮૦ માર્ક તેમના (They) વિભાગમાં ઘેરી લીટીની નીચે ઉત્તર લખી નાખશે અને રીડબલ થએલો કરાર પૂરો કરી શકાયાથી બોનસના ૫૦ માર્ક 'તેઓ'ના જ વિભાગમાં ઘેરી લીટીની ઉપરના ભાગમાં ઉમેરાશે. પૂર્વ-પશ્ચિમને ૪૮૦ માર્ક મળતાં તેમનો દાવ અને સાથેસાથે રબર પૂરું થયું. રબરમાં ત્રણ રમત થઈ તેથી રબરના બોનસના ૫૦૦ માર્ક પણ 'તેઓ'ને મળશે.

હવે બંને પક્ષના માર્કના સરવાળા જોઇએ. 'અમે' એટલે કે ઉત્તર-દક્ષિણને કુલ ૧૨૮૦ માર્ક મળ્યા છે, જ્યારે 'તેઓ' મતલબ પૂર્વપશ્ચિમને ૧૫૮૦. આથી પૂર્વપશ્ચિમને ૩૦૦ માર્કની સરસાઈ મળી. ઉત્તરે કરેલી નોંધ આ સાથે દર્શાવ્યા પ્રમાણે લખાઈ હશે, જે જોતાં સ્કૉર-શિટમાં કઈ રીતે માર્ક લખાયા છે તે સમજાશે.

અમે (We)	તેઓ (They)
૫૦૦	૫૦૦
૧૦૦	૫૦
૫૦૦	૩૦૦
૨૦	૧૫૦
૪૦	૧૦૦
૧૨૦	
	૪૮૦
૧૨૮૦	૧૫૮૦
	—૨૨૮૦
	૩૦૦

એક રબર પૂરું થયા પછી ભાગીદાર બદલી શકાય છે અથવા સૌ રમનાર ઇચ્છે તો એના એ જ ભિલ્લુઓ રમત આગળ ચલાવે છે.

અત્યાર સુધીમાં બ્રિજની રમત સાથે સંકળાએલા કેટલાક ખાસ શબ્દો પણ આપણને જોવા મળ્યા. આ સાથે તેના અંગ્રેજી શબ્દો પણ આપણે જોતા ગયા. અને મોટે ભાગે એ અંગ્રેજી શબ્દોનું જ ચલણ વિશેષ રહે છે. એક સાથે વાંચવામાં બ્રિજ વિષે આ સમજણ સમજવી જરા અઘરી લાગે એવું યે બને, પરંતુ આગળ જતાં તેનો મહાવરો વધતો જઈ તે સ્પષ્ટપણે સમજાતી જશે. (ક્રમશઃ)

અનુસંધાન] **અમૃતા પ્રીતમ** [પૃષ્ઠ ૧૫૯થી

નામની એક ફિલ્મ પણ ઊતરી છે. તાજેતરમાં 'કોરા કાગઝ' નામની એક નવલકથા એમણે પૂરી કરી છે. દિલ્હી વિશ્વવિદ્યાલયે ૧૯૭૩માં એમને ડિ. લિટ્.ની માનાર્હ પદવી આપી એમનું સમ્માન કર્યું છે. ભારત સરકારે પણ પદ્મશ્રીના માનથી એમને નવાજ્યાં છે. પોતાની જાતને 'કોરું પાનું' ગણાવતાં એ સાઈઠ જેટલી કૃતિઓનાં સર્જક છે.

ગદ્ય તો અમૃતાએ કવિતાથી યે વિશેષ લખ્યું છે, છતાં એમની પ્રતિભા કવિની છે. કવિતાની સુવાસ એમના ગદ્યમાં યે વ્યાપ્ત છે. એમનું કવન સમાજ પ્રત્યેના વિદ્રોહની પરિકલ્પનાથી આવૃત છે. 'વારિસ શાહ'માં એમની ઉક્ત લાગણીનો પડઘો સંભળાય છે. એની એક કાવ્યપંક્તિ માણવી ગમશે—

'પડછાયાને પકડવાવાળા
છાતીમાં બળતી આગનો પડછાયો નથી હોતો.'


—પ્રફુલ્લ રાવલ

કલાવાર્તા


ફોટો-કલાકાર જી. સી. પટેલ

તેજછાયાના અજબ પલટાઓથી વિધવિધ પોત ઉપસાવતાં અનેક સુંદર ફોટોચિત્રો જોઈ સ્વાભાવિક જ તેના સર્જક કલાકાર વિષે કુતૂહલ પ્રકટયું, અને પરિચય થયા બાદ એમના વિષે જે કંઈ જાણવા મળ્યું તે ફોટોકલા ક્ષેત્રે સિદ્ધિ માટે પ્રયત્નશીલ સૌને પ્રેરણા પૂરી પાડે તેમ છે.

ઘનશ્યામ સી. પટેલ એ એમનું નામ, પાછળ જી.ડી.આર્ટ, એ.એમ., એલ.પી. એલ.આઈ. અને એ.એફ. આઈ.એ.પી. ની ઉપાધિઓ પણ ખરી. આણંદ નજીક બાકરોલ નામના ગામમાં ઈ. ૧૯૩૭માં એમનો જન્મ. ૧૯૫૮માં આણંદની દાદાભાઈ નવરોજી હાઈસ્કૂલમાંથી એસ. એસ. સી. થઈ ૧૯૬૪માં કલાનો ડિપ્લોમા અને ૧૯૭૨માં આર્ટ માસ્ટરની પરીક્ષાઓ આપી. આમ એમણે ચિત્રકળાનો અભ્યાસ કર્યો, ફોટોગ્રાફીનો વ્યાસંગ વિકસાવ્યો અને તે ઉપરાંત તેઓ એક 'લૉન્ડ્રી' પણ ધરાવે છે. જરા નવાઈ લાગે, પણ આ લૉન્ડ્રીનો વ્યવસાય એમને પિતા પાસેથી મળેલો છે. અને એ જ રીતે એમને ફોટોગ્રાફી તરફ વાળવામાં પણ પિતા જ નિમિત્ત બનેલા. છઠ્ઠા ધોરણમાં સારે નંબરે પાસ થાય તો પિતાએ એમને મનગમતી ભેટ આપવા કહેલું, અને ત્રીજા નંબરે પાસ થઇને એમણે પિતા પાસેથી 'આગ્ફા'નો બૉક્સ કૅમેરા ભેટ મેળવ્યો પણ ખરો. પછી તો ફટાફટ ફોટા પાડી બેત્રણ ફિલ્મરોલ પૂરા કરી નાખ્યા,








ઉપરનાં બંને ચિત્રો 'રોજિંદી કામગીરીનો આરંભ' અને 'પથ'. ચિત્રવિષયને યોગ્ય તેવા વાતાવરણને પ્રકટ કરવા સાથે તેજ અને છાયાનું પ્રમાણ જાળવી સુંદર ચિત્રસંયોજન રજૂ કરતાં બે ઉદાહરણો છે.

ફોટોગ્રાફર પાસે ધોવરાવ્યા અને પરિણામ જોયું તો બધું કોરું ધાકોર. ખબર પડી કે ઘરની અંદર ફોટો લેવા માટે પૂરતો પ્રકાશ હોવો જરૂરી છે. પછી બહાર ખુલ્લામાં ફોટો લેવા માંડયા, અને એ બધા સારા આવવા લાગ્યા. ચિત્રકળાની થોડી સમજ એટલે ફોટોમાં કંઈક ચિત્રાત્મકતા પણ ખરી.

એસ. એસ. સી. થઈ એકાદ વર્ષ કૉલેજમાં કાઢયું, પણ ભણવામાં કંઈ રસ પડયો નહિ એટલે મુંબઈ જઈ પિતાને એમની લૉન્ડ્રીના કામમાં સહાય કરવા માંડી. પરંતુ હજી કંઈક શીખવાનું બાકી લાગ્યા કરતું હતું એટલે ચિત્રકળાના અભ્યાસમાં જોડાયા. બીજી બાજુ પિતાએ આફ્રિકાથી એક વધુ સારો કૅમેરા મંગાવી આપ્યો. દૂરના એક કાકા સાથે આવેલો એ ૩૫ એમ.એમ. નો વોલ્ઝ ઈલેક્ટ્રિક કૅમેરા ઘણી વધારે સગવડવાળો હોઈ હવે તેઓ ઓછા કે વધુ પ્રકાશમાં પણ સરસ ફોટા લેતા થઈ ગયા.

આ સાથે ચિત્રકળાનો અભ્યાસ પણ ચાલતો જ હતો. ડિપ્લોમાની સાથેસાથે એમણે ડી. ટી. સી. ની પરીક્ષા પણ આપી અને પછી ફોટોગ્રાફીમાં વધુ શીખવા તરફ મન પરોવ્યું. અત્યાર સુધીમાં ફોટા તો ઘણા પાડયા પણ ફિલ્મ-રોલ ધોતાં કે પ્રિન્ટ કાઢતાં આવડતું નહોતું. દિવસ આખો તો પિતાની સાથે ધંધામાં પરોવાઈ રહેવું પડતું, એટલે રાતેરાતે ડેવલપિંગ વગેરેની અજમાયશ કરવા વિચાર્યું. પૂરા પચીસ રૂપિયા આપી ક્યાંકથી એક પુસ્તક ખોળી લાવ્યા–'સારી તસવીર કેમ કાઢશો?' એ પુસ્તક હતું તો ગુજરાતીમાં જ, પણ એમાં કંઈ ગતાગમ પડતી નહોતી. કોઈ જાણકારની





△ 'કુતૂહલ' એવું નામ આપીએ તો? 'આંખ, કાન ને મોં પર હાથ રાખીને બેસી રહેવાનું'' ભૂલી જઇને આ ત્રણે વાંદરા એવું તે શું જોતા હશે? ફોટોકલાકારે એમની ફરજચૂક બરાબર પકડી પાડી છે. જમણી બાજુ: ગતિમાન ચિત્રવિષયની સાથે કૅમેરાને પણ ખસતો રાખી યોગ્ય પળે ચાંપ દાબીને ગતિશીલ ચિત્ર ઝડપવાની ક્રિયાને 'પૅનિંગ' કહે છે. પોલોના ખેલાડીનું ઉપરનું ચિત્ર તેનું એક સુંદર ઉદાહરણ છે. આમાં ખરું કૌશલ સમતોલ ચિત્ર-સંયોજન રચવા માટે ક્યારે કૅમેરાની ચાંપ દાબવી તેની સમજ હોવામાં છે.

સલાહ લેવા વિચાર્યું. એમની દુકાને એક ભાઈ ઘણી વાર ખભે કૅમેરા લટકાવીને આવતા. એમને એક વાર હિંમત કરી કહ્યું, 'કપડાં ધોવા અંગેનું તો જ્ઞાન છે, પણ ફોટો કેમ ધોવા એ આવડતું નથી', અને પછી એ અંગે સલાહ માગી. એ ભાઈ—નરેન્દ્ર શાહે એમને કેટલીક પ્રાથમિક સમજ આપી અને એ મુજબ મહાવરો કરવા સૂચવ્યું, અને આમ કરવા છતાં યે ન ફાવે તો પ્રત્યક્ષ જ્ઞાન આપવા અંગે પણ તૈયારી બતાવી.

બસ, માર્ગ મળી ગયો. ૧૯૬૭માં એમણે જાતે સરસ રીતે પ્રથમ ફિલ્મરોલનું ડેવલપિંગ કર્યું. ફોટો પાડવા સુધી તો પિતાને ખાસ કંઈ વાંધો નહોતો, પણ એ પછીની આ બધી તરખડ એમને ગમતી નહિ. પણ રાતેરાતે પોતાના પ્રયોગો જારી રાખીને એમણે પ્રગતિ સાધવા માંડી. પછી તો એક મિત્રની સલાહથી એમણે ફોટોગ્રાફીનું થોડું થોડું બહારનું કામ કરવા માંડીને ફોટોગ્રાફીના પોતાના શૉખને સ્વાવલંબી બનાવવા માંડ્યો. દરમિયાન મેસુરના વૃંદાવન ગાર્ડનના ફુવારાઓના રાતે લીધેલા એમના ફોટોગ્રાફને ૧૯૭૩માં એક પ્રદર્શનમાં સારી ગુણવત્તાનું સર્ટિફિકેટ મળ્યું, અને એ જ વર્ષે 'ફોટોગ્રાફિક સોસાએટી ઑવ ઇંડિયા'ના વાર્ષિક ફોટો-પ્રદર્શનમાં પણ એમને પ્રથમ ઈનામ મળતાં હવે એમનો આત્મવિશ્વાસ દૃઢ થઈ ગયો. પોતાની ક્ષમતાનો પરિચય પામતાં તેમણે તેનો વિકાસ સાધવા વધુ ઉત્સાહથી કામ કરવા માંડ્યું, અને ફોટોગ્રાફીની અનેક અવનવી તરકીબો પર સિદ્ધિ મેળવવા માંડી.

આ પછીની કથા એમના ઉત્તરોત્તર વિકાસ અને ઈનામોની હારમાળાની છે. દેશમાં તેમ જ વિદેશમાં સંખ્યાબંધ ફોટો-પ્રદર્શનોમાં તેઓ ભાગ લેતા રહ્યા છે. અને તેમાં રોકડ ઈનામો તથા ચંદ્રકો મેળવતા રહ્યા છે. રંગીન ફોટોગ્રાફીમાં પણ તેઓ સિદ્ધહસ્ત છે. સામયિકોમાં અને ટી. વી. ઉપર એમનો પરિચય રજૂઆત પામ્યો છે. ઘણાં ફોટો-પ્રદર્શનોમાં નિર્ણાયક તરીકે પણ તેમની વરણી થઈ છે, અનેક સ્થળે એમણે ફોટોગ્રાફી અંગે ડેમોન્સ્ટ્રેશનો આપ્યાં છે. અનેક સ્લાઈડ-શો પણ રજૂ કર્યાં છે તથા ત્રણ વખત પોતાનાં ફોટોચિત્રોનાં નિજી પ્રદર્શનો પણ એમણે યોજ્યાં છે. અનેક પ્રતિષ્ઠિત સામયિકોમાં તથા જાહેરાતોમાં એમનાં ફોટોચિત્રો રજૂ થતાં રહે છે. ભવન્સ કૉલેજની ફોટોગ્રાફીની શાખામાં તેઓ સલાહકાર હોવા ઉપરાંત ફોટોગ્રાફીનું શિક્ષણ પણ આપે છે. આજે એમની પાસે ૪૦,૦૦૦ થી વધુ બ્લૅક ઍન્ડ વ્હાઈટ નૅગેટિવો અને ૫૦૦૦ થી વિશેષ રંગીન સ્લાઈડ્ઝ તથા નૅગેટિવોનો ગંજાવર સંગ્રહ એકઠો થયો છે.

તેઓ માને છે કે પૂરતા પરિશ્રમ સાથે અભ્યાસ અને પ્રયોગો દ્વારા માણસ આ કલામાં ઉચ્ચ સ્થાને પહોંચી શકે છે. એમની એ માન્યતા કેટલી વજૂદવાળી છે એ પોતાના અન્ય વ્યવસાયને સંભાળવા સાથે સ્વપ્રયત્ને આ શૉખના વિકાસ અને સિદ્ધિ હાંસિલ કરી બતાવીને એમણે પોતાના પ્રેરક ઉદાહરણ દ્વારા દર્શાવી આપ્યું છે. □

ત. ઇલેક્ટ્રિક ટેલિગ્રાફ અને મોર્સ કોડના શોધક તરીકે જો સૅમ્યુઅલ એફ. બી. મોર્સની ખ્યાતિ ન હોત તો ફ્રાંસમાંથી ફોટોગ્રાફીના પ્રારંભિક તબક્કાની ડગૅરોટાઈપ પ્રોસેસને યુનાઇટેડ સ્ટેટ્સમાં આણનાર તરીકે તથા એક અચ્છા છબી-ચિત્રકાર તરીકે પણ એની ખ્યાતિ હોત. ઈ. ૧૮૨૫માં નેશનલ ઍકેડેમી ઑવ ડિઝાઈનની પણ સ્થાપના કરેલી ને તેનો એ પ્રથમ પ્રમુખ હતો. વળી, એણે ન્યૂ યૉર્ક યુનિવર્સિટીમાં ૪૦ વર્ષ સુધી ચિત્રકળા તથા શિલ્પકળાના પ્રોફેસર તરીકે પણ કામ કરેલું. **૫. ધ** બૅટલ ઑવ ગેટિસબર્ગ એ દુનિયાભરમાં મોટામાં મોટું ચિત્ર છે. ઈ. ૧૮૮૩માં પોલ ફિલિપ્પોટૉક્સ અને બીજા સોળ મદદનીસોએ મળીને અઢી વર્ષે એ પૂરું કરેલું. આ ચિત્ર ૪૧૦ ફૂટ લાંબું અને ૭૦ ફૂટ ઊંચું તથા ૧૧,૭૯૨ પાઉન્ડ જેટલું વજનદાર છે. નોર્થ કૅરોલિનાના જો કિંગ ઑવ વિન્સ્ટન સાલેમે તે ખરીદ્યું હતું.




હજારો જન્મનાં પાપો, કરોડો દોષ આ ભવના,
પલાળી ધોઈ નાખે છે, ફક્ત અફસોસનું બિંદુ.
બધાએ દોષ હરનારું, પતિતને પાત્ર કરનારું,
અમે અગણિત ગુણવાળું, દીઠું અફસોસનું બિંદુ.

('મિત્ર'માંથી) —સર પ્રભાશંકર પટ્ટણી

અમૃતા પ્રીતમ: સામાજિક વિદ્રોહની કવયિત્રી

પંજાબી કવયિત્રી અમૃતા પ્રીતમના કાવ્યસંગ્રહ 'કાગઝ તે કેનવાસ'ને આ વર્ષના જ્ઞાનપીઠ પુરસ્કાર પ્રાપ્ત થયો એ તો:સુવિદિત છે. કવિ અને નવલકથાકાર તરીકે તેઓ સુપ્રસિદ્ધ છે. એમનો જન્મ ભાદ્રપદ પૂર્ણિમા ૩૧ ઑગસ્ટ, ૧૯૧૯માં હાલના પાકિસ્તાનના ગુજરાંવાલા શહેરમાં થયો હતો. પિતાનું નામ કરતારસિંહ. માતાનું નામ રાજબીબી. પિતાએ અગાઉ સાધુજીવન ગુજારેલું, ત્યારે એ બંદ નામથી ઓળખાતા. એ કવિ હતા અને એમનું ઉપનામ હતું 'પીયૂષ'. આથી પુત્રીના જન્મકાળે પીયૂષને અનુલક્ષી એમણે તેનું નામ અમૃતા રાખ્યું. અને પિતાનું ઉપનામ 'હિતકારી' રાખ્યું. આમ, કવિતા અમૃતા પ્રીતમને વારસામાં મળેલી છે.

દસ વર્ષની વયે માતાનું મૃત્યુ થતાં અમૃતાનો ઉછેર પિતાની છત્રછાયા તળે થવા લાગ્યો. પિતાનો સ્વભાવ વિશિષ્ટ હતો. નાનપણથી એમણે પુત્રીને કવિતા લખવા તરફ વાળી, અને વેદનાશીલ તથા જિજ્ઞાસાથી સભર એમણે પિતાના સ્નેહથી પ્રેરાઇને કવિતા લખવા માંડી. જો કે પ્રારંભનું એ કાવ્યસર્જન શિખ-ગુરુઓ પ્રત્યેની સ્તુતિ સમાન હતું. પરંતુ અગિયાર વર્ષની વયે તેમને સ્વપ્નમાં જે અનુભૂતિ થઈ તેના ફળસ્વરૂપે જે કલ્પિત નામ રાખ્યું તે હતું 'રાજન'. આ રાજનનું નામ એમણે પોતાની પ્રથમ કવિતામાં પળોટયું હતું. પિતાએ એ કવિતા વિષે પૂછ્યું તો અમૃતાએ ભળતો જ જવાબ આપ્યો. પિતાએ ગુસ્સે થઈ પુત્રીના ગાલ ઉપર એક લાફો ફટકારી દીધો. અમૃતા લખે છે કે, 'આ રીતે મેં મારી પ્રથમ કવિતા જૂઠું બોલીને અન્યના નામે ચડાવવા ઇચ્છી હતી. પરંતુ એમણે પરાયા નામને સહન ન કર્યું અને એક લાફા સાથે ફરીથી મારા નામે લાગી ગઈ.' પછી તો પિતાએ અમૃતાને છંદ-લયનું શિક્ષણ આપ્યું. અમૃતાને મીરાંબાઈ જેવી કવયિત્રી બનાવવા તેઓ ઇચ્છતા હતા. પરંતુ પુત્રીને એવી ઇચ્છા હતી નહિ.



નાનપણમાં માતાની માંદગી વખતે અમૃતાએ ઇશ્વરને કરેલી પ્રાર્થના ફળી ન હતી અટલે ત્યારથી ઇશ્વર પ્રત્યેની શ્રદ્ધા ઊઠી ગઈ હતી. પરાણે પ્રાર્થના કરવી પડતી ત્યારે તે કલ્પિત પાત્ર રાજનના ખયાલમાં જ રમમાણ રહેતી. પિતા કવિ-લેખક હોઈ દિવસે સૂતા અને રાત્રે જાગતા. પિતાની એ આદત અમૃતાએ જાળવી રાખી છે.

યૌવનકાળમાં અમૃતાના હૃદયમાં ઉર્દૂના ખ્યાતનામ શાયર સાહિર લુધિયાનવી પ્રત્યે અત્યંત કૂણી લાગણીઓ પ્રકટી હતી, પરંતુ એનું કંઈ ઇચ્છિત પરિણામ આવી શક્યું નહિ, અને સોળ વર્ષની વયે ચિત્રકાર ઇન્દ્રજિત ઈમરોઝ સાથે તેમનાં લગ્ન થઈ ગયાં. આજે અમૃતા એકલવાયું જીવન વ્યતીત કરે છે. દેશના ભાગલા પછી અમૃતાએ કેટલોક સમય કપરી મુસીબતમાં વીતાવ્યો હતો. હવાઈમથક પર માસિક ૧૫૦ રૂપિયામાં એમણે નોકરી કરેલી. જવાઆવવામાં સાયકલનો ઉપયોગ કરીને એ પૈસા બચાવતાં. ઈમરોઝનું કુટુમ્બ જૂના ખયાલોવાળું હોઈ અમૃતાની અત્યંત આધુનિક જીવનપદ્ધતિ એમને જચતી નહિ, પરંતુ કોઇની યે પરવા રાખ્યા વગર અમૃતા પોતાના ખયાલોને ચીટકી રહેતાં.

'રેવન્યુ સ્ટૅમ્પ' નામે એમણે આત્મકથા લખી છે. જીવનના બાહ્ય પ્રસંગો નહિ, પરંતુ આંતરજીવનની કેટલીક રસિક ક્ષણો અમૃતાએ એમાં પ્રસ્તુત કરી છે. સામાન્યત: આત્મકથાઓમાં લેખકના આંતરજીવનની ઘટનાઓ નહિવત્ નોંધાય છે અને વાસ્તવમાં તો એ જ સાચી આત્મકથા હોય, પરંતુ બાહ્યજીવનના પ્રસંગોને આત્મકથાનું અનિવાર્ય અંગ ગણીને બહુધા આત્મકથાઓમાં તેની જ વિશેષ રજૂઆત થાય છે. અલબત્ત, એમાં ક્યાંક સંવેદનોની હારમાળા પણ હોય છે ખરી પરંતુ અમૃતાએ તો પોતાના માનસમાં રમતી ઘટનાઓ બેધડક પ્રકટ કરી છે. સાહિર પ્રત્યેના પોતાના સ્નેહનો એમણે તેમાં ખુલ્લો એકરાર કર્યો છે, એટલું જ નહિ, પણ સગર્ભાવસ્થામાં પણ પોતાના મનમાં એનું જ રટણ રહેતું એ હકીકત તેમણે નિ:સંકોચ બતાવી છે. સાહિરને ઉદ્દેશીને લખાયેલાં એમનાં કાવ્યોના સંગ્રહ 'સુનેહડે'ને ૧૯૫૭માં સાહિત્ય અકાદમીનો પુરસ્કાર મળ્યો હતો. 'અશૂ', 'એક થી અનીતા' અને 'દિલ્લી કી ગલિયાં'માં પણ અમૃતાએ સાહિરનું ચિત્રણ કરેલું છે. સોળ-વર્ષની વયે અમૃતાનો પ્રથમ કાવ્યસંગ્રહ પ્રસિદ્ધ થયેલો. 'પિંજર', 'યાત્રી', 'એક સવાલ', 'જેબકતરા', 'અલના' ઈત્યાદિ એમની રસપૂર્ણ નવલકથાઓ છે. 'પિંજર' નવલકથાનો અનુવાદ અનેક ભાષામાં થયો છે. એમણે અનેક સરસ ટૂંકી વાર્તાઓ પણ લખી છે. 'અતીત કી પરછાંઈયાં'માં ભારતીય અને વિદેશી સર્જકોનાં રસિક સ્મૃતિચિત્રો આલેખ્યાં છે. એમાંનું સઆદત હસન મન્ટોનું રેખાચિત્ર ખાસ નોંધનીય છે. 'નાગમણિ' નામનું પંજાબી ભાષાનું એક સામયિક પણ એ ચલાવે છે.

'મેરા અન્તિમ પત્ર' નામની એક દીર્ઘ કાવ્યકૃતિમાં એમણે પ્રેમની જે તડપન નિરૂપિત કરી છે તેમાંથી એમની કવિત્વશક્તિનો અચ્છો અંદાજ મળી રહે છે. આમ તો એમની કવિપ્રતિભા સાહિરની કવિતાથી ઘડાઈ હોવાનું પ્રતીત થાય છે અને સાહિરની અસર પણ એમણે અવશ્ય ઝીલી છે. સાહિરને પ્રાપ્ત કરવાની મનીષા – તેને ન પામી શકાયાનું દર્દ અમૃતાની કવિતામાં ભારોભાર જોવા મળે છે.

હોહોબા

ભારતમાં બટાટા, ટમાટા, બાજરી, મગફળી, તમાકુ વગેરે અનેક વનસ્પતિ પરદેશથી આવેલી છે. આ જ રીતે તાજેતરમાં એક મૅક્સિકન વૃક્ષને આપણે ત્યાં ઉગાડવાના પ્રયોગો ચાલે છે. 'હોહોબા' (અંગ્રેજીમાં 'જોજોબા') નામે ઓળખાતું આ નાના કદનું વૃક્ષ કે મોટા કદનો છોડ ઔદ્યોગિક દૃષ્ટિએ બહુ મૂલ્યવાન છે. આ વૃક્ષનાં બીજમાંથી મળતું તેલ વ્હેલના શરીરમાંથી મળતી ચરબી જેવું છે. અતિ શિકારને કારણે વ્હેલની સંખ્યા ઘટવા માંડતાં તેના તેલની પ્રાપ્તિમાં હવે જ્યારે ઓટ દેખાવા લાગી છે ત્યારે તેની અવેજીમાં હોહોબાનું તેલ અનેક રીતે ઉપયોગમાં લઈ શકાય તેમ છે. આ તેલ ઊંજણમાં, સૌન્દર્ય-પ્રસાધનો, ચેપરોધક, કાટરોધક રસાયણો, મીણબત્તી, મોટરગાડી અને ફરસના પૉલિશ, ડીન્ટરજન્ટ ઔષધોનાં આવરણ, ક્ષયના જંતુઓ સામે પ્રતિકારક, કેશતેલ વગેરે અનેક જાતની બનાવટોમાં ઉપયોગમાં લઈ શકાય તેમ છે. વળી, તેલ કાઢ્યા બાદ બાકી રહેતો ખોળ ઢોરના ખાણ તરીકે તથા નાઇટ્રોજન યુક્ત ખાતર બનાવવામાં કામ લાગે છે. ઈઝરાએલ, અમેરિકા, મૅક્સિકો, કોસ્ટારિકા અને ઑસ્ટ્રેલિયા સહિત ભારતમાં તેનાં વાવેતર અંગે પ્રયોગો થઈ રહ્યા છે.

આપણે ત્યાં ગુજરાતમાં જુદીજુદી જમીન, વાતાવરણ વગેરેને લક્ષમાં લઈને કેન્દ્રીય સંશોધન સંસ્થાએ ૨૦ સ્થળો પસંદ કર્યાં છે, જેમાં ભરૂચ, મહુવા, કચ્છ, ગાંધીનગર, ભાવનગર, વગેરે નજીકના વિસ્તારોનો સમાવેશ થાય છે. ભાવનગર જિલ્લામાં મામસા ગામના એક ખેડૂતે પણ તેનું પ્રાયોગિક વાવેતર કર્યું છે.

ઈ. ૧૯૭૯-૮૦ની સાલમાં ભારતના પશ્ચિમ કિનારાના અર્ધશુષ્ક ઉષ્ણતામાનવાળા ભાવનગર જિલ્લાના કાંઠાળ ગામ ઝાંઝમેર ખાતે અને પૂર્વ કિનારે ઓરિસ્સાના ભેજવાળા ગંજામ જિલ્લાના ગોલાબંદર ખાતે સર્વ પ્રથમ હોહોબાનું વ્યવસ્થિત વાવેતર હાથ ધરાયું હતું. ભાવનગર સ્થિત કેન્દ્રીય નમક અને દરિયાઈ રસાયણ સંશોધન સંસ્થાના સમુદ્રનાં પાણી દ્વારા ખેતી કરવા અંગે સંશોધન કરતા વિભાગે આ કામ ઉપાડ્યું હતુ. આ સંસ્થાએ પ્રથમ પ્લાસ્ટિકની થેલીઓમાં રોપ તૈયાર કરી તેને દરિયાકાંઠાની રેતાળ જમીનમાં રોપીને જરૂરી સિંચાઈ કરીને હોહોબાના ઉછેરનો પ્રયોગ કર્યો હતો.

હોહોબામાં નર અને માદા બંનેના અલગ છોડ હોય છે. લગભગ ૨ થી ૩ મિટર ઊંચાં વધતાં આ નાનકડાં વૃક્ષ ૧૦૦ કે તેથી યે વધુ વર્ષ સુધી ટકી શકતાં બારેમાસ લીલાં રહે છે. તેનાં મૂળ જમીનમાં ઘણે ઊંડે સુધી જતાં હોઈ વૃક્ષ ચારેક વર્ષનું થયા પછી તેને સિંચાઈ કરવાની બહુ જરૂર રહેતી નથી. સામાન્યતઃ ૨૪થી ૪૫ સે. મિ. સરાસરી વરસાદ અને ઉષ્ણ હવામાન હોહોબાની વૃદ્ધિ માટે અનુકૂળ જણાયું છે. ભાવનગરની પ્રયોગશાળાના વાવેતરમાં વાવણી બાદ ૧૬ થી ૧૮ માસના છોડને સપ્ટેમ્બર—ઑક્ટોબરમાં ફૂલ આવ્યાં હતાં.

માદા ફૂલ કરતાં નર ફૂલ વહેલાં આવે છે અને તેનું પ્રમાણ વધુ હોય છે. આ અસમાનતા વાનસ્પતિક વૃદ્ધિ દ્વારા સંસ્થાએ ઘટાડી છે. વળી, પવન દ્વારા ફૂલનું પરાગીકરણ યોગ્ય રીતે થાય તે સારુ પવનની દિશા વગેરેને પણ લક્ષમાં લઈ હોહોબાનું વાવેતર કરાયું હતું. અને ૧૮ માસે ૧૯૮૧ના જાન્યુઆરીમાં તેને પહેલાં ફળ આવ્યાં હતાં.

અલબત્ત, એ પહેલાં ફાલમાં ફળ ઓછાં હતાં, પણ પછીનો ફાલ



હોહોબાનું નાના કદનું વૃક્ષ

સારો ઊતર્યો. ઉનાળામાં ગરમીને કારણે ભૂખરા બદામી રંગનાં થઈ એ ફળ આપોઆપ ખૂલી જઈ તેમાં કરચલીઓવાળાં બદામી રંગનાં બીજ દેખાય છે. ભારતમાં ગુજરાત અને ઓરિસ્સાના પ્રયોગોમાં હોહોબાનું ફલીકરણ ઘણું જલ્દી થયું છે જે તેના મૂળ વતન મૅક્સિકોના સોનારણ પ્રદેશમાં પાંચથી સાત વર્ષે થાય છે. બનવાજોગ છે કે અહીંનું હવામાન અને જમીન તેને વધુ માફક આવ્યાં હોય તથા અહીં પદ્ધતિસર તેના ઉછેરની કાળજી લેવાઈ તે પણ એક કારણ હોય.

પ્રયોગો પરથી એ પણ જાણવા મળ્યું છે કે મીઠા પાણીની ખેંચવાળા દરિયા કિનારાના વિસ્તારમાં હોહોબાને એક ટકા ક્ષારવાળું સમુદ્રનું પાણી પણ આપી શકાય છે. આપણી નેશનલ બોટેનિકલ ગાર્ડન સંસ્થાએ વાનસ્પતિક વૃદ્ધિ (વેજિટેટિવ પ્રોપેગેશન) માટે ટીસ્યુકલ્ચરની પદ્ધતિ પણ સફળતાપૂર્વક અજમાવી છે. રૂટ પ્રમોટિંગ હૉરમોન્સ દ્વારા નર-માદા છોડનું વાવેતર કરવામાં પણ સફળતા મેળવી છે.

ભાવનગર પાસે ઝાંઝમેર ગામમાં, ગાંડાબાવળ સિવાય જ્યાં લગભગ કંઈ ઊગી ન શકે તેવી રેતીના ઢૂવાવાળી જમીનમાં હાલ ૧-૫ હૅક્ટરમાં હોહોબાનું વાવેતર થયું છે તે ૮-૫ હૅક્ટરમાં વધારવાની નેમ છે. જેમાંથી પાણી નીતરી જતું હોય તેવી રેતાળ અને છિદ્રાળુ જમીન હોહોબાને માફક આવતી જણાઈ છે. નર અને માદા છોડની પરખ અને પરાગીકરણ માટે અનુકૂળ એવી પવનની દિશાની પસંદગીનો ખયાલ તેના વાવેતર માટે મહત્ત્વનાં બની રહે છે.

હોહોબા દીર્ઘાયુ વનસ્પતિ હોઈ આરંભની માવજત પછી તેને વધુ દેખભાળની જરૂર નથી. લાંબા સમય સુધી એ ફળ આપતી હોઈ તેમાંથી પૂરતું વળતર પણ મળી રહે તેમ છે. વળી, હોહોબાના બે છોડ વચ્ચે અંતર રહેતું હોઈ તેની વચ્ચેની જમીનમાં બાજરો, મગફળી વગેરેનો પાક પણ લઈ શકાય તેમ છે. સામાન્યરીતે એક હૅક્ટર દીઠ ૩૦૦૦ કિલોગ્રામ બીજ ઊતરે, અથવા લગભગ ૧-૫ ટન પ્રવાહી મીણ મળી શકે, જેનો આજનો આંતરરાષ્ટ્રીય ભાવ દર કિ. ગ્રા.નો ૮૦ થી ૧૨૫ રૂપિયા જેટલો છે. એટલે હોહોબાનું વાવેતર અજમાવવા યોગ્ય છે. અલબત્ત, અહીં હજી એ પ્રાયોગિક તબક્કામાં છે, પરંતુ પરિણામો પરથી લાગે છે કે આ જંગલી છોડનો વ્યવસ્થિત ઉછેર કરવામાં આવે તો એના ઘણા લાભ પામી શકાય. ('ગુજરાત'માંથી તારવીને)


પંજાબી સાહિત્યમાં અમૃતાના સર્જનની કદર કરતાં અવગણના વિશેષ થઈ છે. પોતાના સ્વતંત્ર મિજાજ અને આગવી પ્રતિભાના કારણે એમને અનેકના દ્વેષનો ભોગ બનવું પડ્યું છે. એક વિરોધીવૃંદ સતત એમની ઈર્ષ્યા કરતું રહ્યું છે. એમના સામયિક 'નાગમણિ'ને અશ્લીલ ને હલકું ગણવામાં આવ્યું છે. સમકાલીનોની અનેકવિધ પ્રવૃત્તિથી એ સતત પીડાતાં રહ્યાં છે. છતાંય એમની કૃતિઓ ભારતીય તેમ જ વિદેશી ભાષામાં અનૂદિત થઈ છે. 'ધરતી, સાગર ઔર સીપિયાં' પરથી 'કાદમ્બરી'

(અનુસંધાન પૃષ્ઠ ૧૫૪)

> કદુ ના કોઇને ક્‌હેજે, ક્‌હેશે સામું સવાયું એ,
> વસમા વેરીના શબ્દો વીંધશે ઉર તાહરું.
>
> —ધમ્મપદ

અમદાવાદના સ્થાપક અહમદશાહના જમાઇએ એક નિર્દોષ માણસનું ખૂન કર્યું, અહમદશાહની કડક ન્યાયપ્રિયતાથી વાકેફ વજીરે, જમાઈ પાસે મરનારના વારસને બસો સોનામહોરો અપાવી એ કેસ પરબારો પતાવી દીધો. પણ બાદશાહને તેની જાણ થતાં તેણે વજીરને આ માટે ઠપકો આપી આ કેસ ફરી જાતે ચલાવી ચુકાદો આપ્યો કે, 'મારી મહેરબાનીનો લાભ લઈ મારાં સગાંઓ કે પૈસાદારો નિર્દોષ પ્રજાને આમ રંજાડે તો ગરીબ માર્યા જાય. ખૂનીને ફાંસીની જ સજા જોઇએ, અને તેથી મારા જમાઇને ફાંસીની સજા ફરમાવું છું.' અને એ ન્યાયપ્રિય બાદશાહે પોતાના ખૂની જમાઇને મહેલની સામે જ ફાંસીએ લટકાવ્યો.

કહેવતોના અર્થ: 'મિયાંની ભેંશને ડોબું ન કહેવાય'. યોગ્ય ઠપકો કે કડવું સત્ય વચન ન સાંખી શકનારા તેમ જ નાનાશા કારણ ઉપર પણ સણકો કરી ઊઠનારા હુંપદી, તુંડમિજાજી કે ચીડુ માણસને ઉપાલંભ આપવા માટે વપરાતી આ કહેવત માટે વાત છે કે એક ગામમાં એક અભિમાની મિયાં એટલા મિજાજખોર હતા કે વાતવાતમાં ઝઘડી પડતા. એક વખત એમની ભેંશ કોઈ ખેતરમાં પેઠી. ખેડૂતે તેમની પાસે તેની રાવ ખાતાં કહ્યું કે, 'તમારું ડોબું મારું કેટલું નુકસાન કરી ગયું તે જુઓ!' એ પરથી મિયાં તો સામા તેને લેતા પડ્યા કે, 'મારી ભેંશને ડોબું કહેનાર તું કોણ?' એને મળતી બીજી કહેવત: 'રાણાને કાણો ન કહેવાય' વગેરે.



કલાકણિકા: ભારતની પ્રાચીન વણાટકળામાં હાથીભાત

ગણિતગમ્મત

ક્રમશ: આગળ વધતી સંખ્યાનો વર્ગ જાણવાની આ એક ગમ્મતભરી રીત છે. આમાં अ ક્રમિક સંખ્યા, ब આગળની સંખ્યાનો વર્ગ, क ક્રમિક એકી સંખ્યા અને ड વર્ગ દર્શાવે છે:

अ	ब		क	ड
૦	૦	+	૦	૦
૧	૦	+	૧	૦
૨	૧	+	૩	૪
૩	૪	+	૫	૯
૪	૯	+	૭	૧૬
૫	૧૬	+	૯	૨૫
૬	૨૫	+	૧૧	૩૬
૭	૩૬	+	૧૩	૪૯
૮	૪૯	+	૧૫	૬૪
૯	૬૪	+	૧૭	૮૧
૧૦	૮૧	+	૧૯	૧૦૦
૧૧	૧૦૦	+	૨૧	૧૨૧
૧૨	૧૨૧	+	૨૩	૧૪૪

અને આમ આગળ.

(પ્રેષક: કુ. પારુલ એન. મોદી, અમદાવાદ-૨૩)

ઘાટ=આકાર, દેખાવ; બાંધેલો આરો, ઓવારો; પહાડી રસ્તો; સહ્યાદ્રીનો પહાડી પ્રદેશ; પ્રસંગ, લાગ (ઘાટ આપવો; લાગ મળવો, જોઇતો આકાર આવવો.) યુક્તિ-પ્રયુક્તિથી કામ કઢાવી લેવાની યોજના, તજવીજ; રીત, લક્ષણ, શોભા.

બધાં તત્ત્વોનો મૂળ એકમ ગણાતો અણુ એટલા સૂક્ષ્મ કદનો હોય છે કે જો તમે ઈસ્વી- સનના આરંભથી સતત ગણ્યા કરતા હો તો હજી આજ સુધીમાં ટાંકણીના માથા જેટલા ભાગમાં સમાય તેટલા અણુઓ પણ પૂરા ગણી શકયા ન હો.

સ્વીડનના એક ફિલ્ડ માર્શલ રૉબર્ટ ડગ્લાસ (૧૬૧૧-૧૬૬૨)ને પાણી પ્રત્યે એટલી નફરત હતી કે તેણે પોતાના ગઢના ચણતરમાં પણ પાણીના બદલે દારૂનો જ ઉપયોગ કરેલો.